સ્ત્રી૦ સુ૦ ૬૦—આવિકાના ગ્રાહકોને ભેટ.

સને	# સુખી.	સંવત
૧૯૧૯		૧૯૭૫

લેખક,

સુશીલ.

પ્રકાશક,

ગુલાબચંદ લલ્લુભાઈ.

સખી

પ્રકાશક,

"શ્રીસુખ દર્પણ-શ્રાવિકા." ઑફીસ.

ભાવનગર.

ભાવનગર—ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં "શ્રાવિકા"ના
તંત્રી શેઠ દેવચંદ દામજી કુંડલાકરે છાપ્યું.

ઉપોદ્ઘાત.

જો કે સાહિત્યના ક્ષેત્રમાં આપણે પશ્ચિમ કરતાં હજુ ઘણા પાછળ છીએ તોપણ દિનપ્રતિદિન વાંચન પ્રેમનો ધીમે ધીમે વિકાસ થતો જાય છે. કોમ તેમજ જાતિહિત અર્થે અવનવાં માસિકો-પત્રો દેશમાં જન્મ લેતાં જાય છે. આ ભવિષ્યનું એક શુભ ચિહ્ન છે.

નવું-ઘડાએલું વાંચન, વિષયને સરળ તેમજ આકર્ષક કરનારાં વિષયને લગતાં ચિત્રો, તેમજ મનોહર કાવ્યો વિગેરેથી આવાં નીકળતાં માસિક-પત્રોને સુસજ્જીત કરવાં એ જેમ પ્રકાશકની ખંત, કુશાગ્ર બુદ્ધિ અને લોકમતને સાથે મળી કેળવવાની આવડત ઉપર આધાર રાખે છે; તેમ તે માટે ઘટતો ભોગ આપવાને વાચક-પ્રજાગણનો ઉત્સાહ-આદર અને અવલંબન પણ સાહિત્ય ખીલવણી માટે તેટલોજ જવાબદાર છે. છતાં દુર્ભાગ્યે હજુ આપણા દેશમાં આવી ઉભયપક્ષી જવાબદારી સ્વીકારવામાં આવી નથી. તેથી જ પ્રકા-

શકનો ઉત્સાહ, તન મન અને ધનનો યથાશક્તિ ભોગ આપવા પછી પણ મંદ પડી જાય છે. અને તે રીતે ઘણા ઉછરતાં માસિકો–પત્રો સમાધિસ્થ થઇ જવાના પ્રસંગો પણ આપણને ખેદ સાથે નીહાળવા પડે છે.

આટલું છતાં સચિત્ર માસિકોની પ્રણાલી હિંદ માટે, બંગાળમાંથી શરૂ થઈ દક્ષિણ માર્ગે છેલાં ત્રણ ચાર વર્ષથી ગુજરાતમાં પ્રવેશી છે, અને તેના પગલે ચાલવાનો અમારો આ નમ્ર પ્રયત્ન છે.

જણાવવું જોઇએ કે સચિત્ર માસિકો માટે તેવાં ચિત્રો પાછળ બહોળો ખર્ચ થતો હોવાથી સ-સિત્ર માસિકો, ભેટની બુક આપવાનું બંધ રાખે છે અને અમે પણ તેજ રીતે ભેટ આપવાનું સાહસ ઉઠાવી શકયા નથી. પરંતુ સ્મરણ તરીકે લહાણું કર-વાના પ્રસંગનું અનુકરણ કરી, અમારાં માતુશ્રી કે જેમના જીવનમાં સ્ત્રીજાતિની ઉન્નતિ માટે ઉંડી લાગણી હતી, અને આ માસિકનો સખ્ત મોંઘવા-રીમાં જન્મ આપવાનું સાહસ કરવામાં તેમની છુપી પ્રેરણા હતી, તેથી અમારા અને અમારા વાચકોમાં મર્હુમના નિત્ય સ્મરણ અર્થે કંઇ આપવાનો અમે નિશ્ચય કર્યો હતો.

તેમના જીવનમાં ગ્રહવ્યવસ્થા–શુદ્ધિ–નિયમિ-તપણું–દૃઢતા–આપ્ત જનો પ્રત્યે સમાન–વિશુદ્ધ

પ્રેમ અને બાળકોને ઉછેરવાની સમજભરી કાળજીના પરિણામે મારૂં ગૃહરાજ્ય જે આબાદી ભોગવવા ભાગ્યશાળી થયું તેના માટે ગમે તેટલી સેવા કે શ્રમ પછી પણ ઋણમુક્ત થવું અશકય છે. કોઇ પણ માણસની કિંમત તેની ગેરહાજરીમાંજ આંકી શકાય છે. તેમ મારા માતુશ્રીના સ્વર્ગવાસ પછી મ્હારાં બ્હેન અજવાળીનો પુત્ર ભાઇ બચુ કે જે તેમની હૈયાતિમાં રૂષ્ટપુષ્ટ તંદુરસ્તી ભોગવતો હતો તે, તેમજ મારો એક પુત્ર, એકાએક ટુંક જીંદગીમાં સ્વર્ગવાસ પામવાથી વૃદ્ધ વડીલોની ગેરહાજરીનું દુઃખદ પરિણામ હું તુર્તજ જોઇ શકયો છું. આવા કડવા અનુભવથી હું તેમજ ઇતર વર્ગ બચી શકે તે માટે આપણા સ્રીસમાજનું સ્થાન–કર્તવ્યધર્મ–અને શિક્ષણ પ્રણાલિની કંઇક રૂપ રેખા શોધવાનો પ્રયત્ન કરતાં શ. સુશીલના હાથે લખાએલ ‘ સખી ’ ગ્રંથ મારા વિચારો અને ભાવનાને છેક અનુકુળ જોઇ તે બહાર પાડવા અને અમારા વાચકોને ભેટ આપી તેનો બહોળો ફેલાવો કરવા આ તક લીધી છે.

મારી અંતિમ ભાવના એજ છે કે આ ગ્રંથ ઘરે ઘરે સ્ત્રી–સમાજમાં વંચાય અને સ્રીજીવનમાં કંઇક સુધારણા–અને સમજદારી–જવાબદાર સત્તાનું બળ ખીલવા પામે તો મારા શ્રમની સાર્થકતા થયેલી

લેખીશ અને મારાં સદ્દગત માતુશ્રી કસ્તુરબા તેમજ મ્હારાં બેનના પુત્ર (ભાણેજ) ભાઇ બચુના સ્મરણની ભાવના સફળ થયેલી ગણીશ.

છેવટે ગ્રંથની યોજના તથા તે માટે ઘટતી વ્યવસ્થા કરવામાં મ્હારા મુરબ્બી અને આ માસિકના તંત્રી શેઠ દેવચંદ દામજી કુંડલાકરે દરેક અનુકુળતા કરી આપીને તેમણે મને ઉપકારના વધુ બોજા નીચે મુકયો છે, તેના માટે એક બાળક તરીકે હું કયા શબ્દો લખી શકું ? લી૦

ગુલાબચંદ લલ્લુભાઇ શાહ.

વ્યવસ્થાપક.

નિમિત્ત.

મ્હારાં એક ધર્મભગિનિ—બ્હેન શ્રી ચંદ્રમણી માત્ર ૨૫ વર્ષની વયે, અનાયાસે પ્રાપ્ત થયેલાં સર્વ સાંસારિક સુખોનો ત્યાગ કરી છ એક માસ ઉપર સ્વર્ગવાસ પામ્યાં ત્યારે મને લાગ્યું કે પરમાત્મા ન્યાયી, દયાળુ અને કલ્યાણકર હોય એમ હવે મારાથી તો નહીં સ્વીકારી શકાય. જે પરમાત્મા ત્યાગ—સેવા અને સહૃદયતાની મૂર્ત્તિ જેવી એક ઉછરતી બ્હેનને કુતુહળની ખાતર કે પોતાનું પ્રભુપણું દર્શાવવાની ખાતર સંસારમાંથી ખેંચી લે તેને હું પરમ દયાળુ કે કૃપાળુ કેમ કહી શકું ? અલબત્ત, શક્તિમાન કહી શકુ. પરંતુ શક્તિ કંઈ ભક્તિને આકર્ષી ન શકે.

બ્હેનનો સ્નેહ શું તે હું પ્રથમ જાણતો નહતો. બ્હેન શ્રી ચંદ્રમણીના નિર્મળ અને વિશુદ્ધ સ્નેહે મને તેનું કંઈક ભાન કરાવ્યું હતું. હું તેમને "રણ-વગડામાં વિસામો માડી! તારી ઝુંપડી!" જેવા જ ભાવથી નીહાળતો. તેમના આકસ્મિક અવસાનથી હું બહુ ખેદ પામ્યો. આવાં એક નારીરત્નને હરી જવામાં અને નિર્ધન સંસારને અધિક કંગાળ બનાવવામાં પરમાત્માએ પોતાની શક્તિ શામાટે ખર્ચી નાંખી હશે? એવા વિચારો આવતાં હું ઘડીભર નાસ્તિક બન્યો.

પણ એ નાસ્તિકતા વધુવાર ન ટકી. હું જેમ જેમ આપણા સ્ત્રીસમાજના વર્ત્તમાન સંયોગો અને સંસ્કારોનો વિચાર કરતો ગયો, તેમ તેમ મને ખાત્રી

થતી ગઇ કે જે બ્હેનો અથવા માતાઓને માટે નિરંતર સહન કરવાનુંજ નિર્માયેલું હોય, જેમને પરમાત્માની આવી સુંદર સૃષ્ટિમાં પણ છેક પરવશ અને પછાત પડયા રહેવાનું સર્જાએલું હોય, અને જેમને બહુ બહુ તો "નારી નર્કનું દ્વાર" કે 'पतिरेव प्रभुः' ના નક્કી થઇ ગયેલાં-વજ્રલેપ સમાં શાસ્ત્રવાક્યો ઉપરાંત ભાગ્યેજ બીજા ઉદાર ઉપદેશો સાંભળવાને મળતાં હોય, તેમને સ્વયં પ્રભુ પણ દીર્ઘાયુ તથા બીજી આંતરૂ-સંપત્તિઓ કેમ આપી શકે? આ વિચારો વખત જતાં વધારે સ્પષ્ટ આકાર પામતા ગયા. પ્રસંગ મળતા મેં તે વિચારો, આ પુસ્તકમાં, સખી સાથેના પત્રવ્યવહાર રૂપે લિપિબદ્ધ કર્યા છે. મને કોઇ કોઇ સ્થળેથી એમ પણ કહેવામાં આવ્યું છે કે "સ્ત્રી-સ્વાધીનતાની તમારી હીમાયત જરા વધારે પડતી છે." હું તેનો ઉત્તર આપવા ઇચ્છતો નથી. માત્ર એટલુંજ કહીશ કે મ્હારી અસંખ્ય બ્હેનો અને માતાઓની શારીરિક તેમજ નૈતિક નિર્બળતાએ જ મને આ હિમાયત કરવાને પ્રેર્યો છે. મારી દ્રષ્ટિ આગળ તેમના સંકુચિત અને રૂઢીબદ્ધ જીવનો તર્યાં કરે છે. આવી સ્થિતિમાં હું તેમને આત્મબળ ખીલવવાની હિમાયત સિવાય બીજાં પતિભક્તિ જેવા પ્રચલિત અને સ્વાર્થ-સૂચક સંદેશા મોકલી, ક્ષણિક કીર્ત્તિ મેળવવાનું સાહસ કેમ કરી શકું?

સુશીલ.

जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसि ।

જગત્‌ના શબ્દકોષમાં માતાના નામ જેવો બીજો એકકે મધુર-મોહક અને આકર્ષક શબ્દ નથી. માતાના ઉપકારોનું વર્ણન કરવું એ ઉપકારોનીજ લઘુતા બતાવવા જેવું થતું હોય એમ લાગે છે. એટલા માટે એ માતાને ઉદ્દેશી ભક્તિપૂર્ણ હૃદયે મૌનપૂર્વક આજે મસ્તિષ્ક નમાવવામાંજ સંતોષ માની લઉં છું.

ગુલાબચંદ.

સ્વ૦ ભાણેજ બંચુભાઈ.

જેના મધુર શબ્દધ્વની પાસે એક વખતે સ્વર્ગીય સંગીત પણ તુચ્છ લાગતું હતું અને જેના પ્રકાશથી સમસ્ત ગૃહ ઝળહળી રહેતું હતું તેવા ભાણેજ સ્વ૦ ભાઈ બચુના સ્મરણાર્થે નામ-ચિત્રાદિનો ઉલ્લેખ કરી આજે વિરમતું પડે છે.

[ગુ. લ.]

સખી.

આત્મભાન.

(૧)

સખી! મને કાંઇ ઉપદેશ આપવાનો અધિકાર છે કે નહીં તે હું જાણુતી નથી. હું તમારા કરતાં વયમાં મ્હોટી છું. પરંતુ વયોવૃદ્ધ હોવાના કારણેજ હું તમને કાંઇ ઉપદેશ ન આપી શકું. મ્હારા સંબોધન ઉપરથી જ તમે જોઇ શક્યાં હશો કે મેં તમને "પુત્રી" કે "કુળલક્ષ્મી"ના વિશેષણથી સંબોધવાને બદલે 'સખી' શબ્દથી જ સંબોધન કર્યું છે. આનું કારણ ફકત એટલું જ કે હું તમારા કરતાં વયમાં મ્હોટી છું, તમારા કરતાં વિશેષ વિદુષી છું, તમારા કરતાં વિશેષ અનુભવી છું એવા ખોટા અભિમાનથી આ પત્રો લખું છું એ ખ્યાલ તમારા મગજમાંથી નીકળી જાય. એક સખી જેવી રીતે પોતાની અન્ય સખીને પોતાના મનની ગૂઢ વાત, કોઇ પણ પ્રકારના દંભ કે અભિમાન વિના-સ્પષ્ટ રીતે–સ્વાભાવિકપણે કહી સંભળાવે છે તેવીજ રીતે હું પણ મારા અંતરની કેટલીક વાતો તમારી પાસે રજુ કરી કૃતાર્થ થવા માગું છું. તમારા હિતની

ખાતર નહિ, તમારા સુખની ખાતર નહિ પણ તમારા હિતમાં મારૂં હિત, તમારા સુખમાં મારૂં સુખ સંપૂર્ણપણે સમાયેલું છે એવી દ્રઢ માન્યતા પૂર્વકજ આ પ્રવૃત્તિ શરૂ કરૂં છું. આશા રાખું છું કે મારો આ ટુંકો પ્રસ્તાવ, મારા વિચારો સમજવામાં તમને કિંચિત્ ઉપયોગી થઈ પડશે.

બ્હેની, અબળા જાતી કેવી રીતે સુખી બને અને પ્રજાના ઉદ્ધારમાં કેવી રીતે સહાયક થાય એવા પ્રશ્નો આજે યુગો થયાં પૂછાતા આવ્યા છે અને તેના ઉત્તરોનો પણ કાંઈ ટુટો નથી. છતાં, અબળાઓની સ્થિતિમાં કાંઇ ફેર પડ્યો નથી એ શું આશ્ચર્ય જેવું નથી? મને આ બાબત ઉપર સંપૂર્ણ વિચાર ચલાવ-વાની તક મળી છે અને છેવટે હું એવા નિર્ણય ઉપર આવી છું કે જ્યાંસુધી સ્ત્રીઓ પોતે પોતાનું આત્મ-સંમાન ન સમજે, પોતે પોતાને માટે ઉન્નતીનો ધોરી માર્ગ તૈયાર ન કરે ત્યાંસુધી બ્હારના સેંકડો ઉપાયો અને ઉપચારોથી કલ્યાણ થવાનું નથી. સ્ત્રીઓએ પોતે પોતાની સ્થિતિ અને સંયોગો વિચારી યથાશક્તિ જ્ઞાન નીતિ અને ધર્મમાં આગળ વધવાનો પ્રયત્ન કરવો જોઇએ. સ્ત્રીઓએ પોતે પોતાનું મહત્વ બરા-બર સમજી તે પ્રમાણે વર્તન ચલાવવું જોઇએ. જે પ્રાણી પોતે પોતાની જાતને મદદ કરી શકતું નથી, જે પ્રાણી પોતે પોતાના સામર્થ્યમાં વિશ્વાસ ધરાવી

શકતું નથી તેને.ખુદ પરમાત્મા પણ સહાય કરી શકતા નથી. તેની પ્રાર્થનાઓ અને કાકલુદીઓનું તલમાત્ર પણ મહત્વ અંકાતું નથી. પુરૂષો કે સ્વર્ગના દેવતાઓ આવી આપણું કલ્યાણ કરી જાય એવી આશા રાખવી નકામી છે. આપણામાં જો આપણાપણું ન હોય તો બીજું કોઇ આપણે માટે શું કરી શકવાનું હતું ? તમે પેલી એક ડોશીવાળી વાર્તા તો સાંભળીજ હશે. એમ કહેવાય છે કે એક ડોશી આંખે આંધળી–દરિદ્ર અને ઘણી કંગાલ હતી. પરન્તુ તેણીએ એકજ વાકયમાં પરમાત્મા પાસેથી એવું વરદાન લઈ લીધું કે તેની સઘળી આવશ્યકતાઓ, આશાઓ અને મનોરથો એકજ માગણીમાં પુરાં થઇ ગયાં હતાં. તેણે કહ્યું હતું કે–“ પ્રભુ ? જો તમે મારા ઉપર ખરેખર જ પ્રસન્ન થયા હો તો મારો માત્ર એકજ મનોરથ સફળ કરો. આ મનોરથ તે બીજો કાંઇજ નહીં, પણ હું મારા દીકરાના દીકરાની વહુને સોનાની ગોળીમાં રત્ન જડિત વલોણાવતી સાત માળની હવેલીમાં છાશ કરતી જોઇ શકું, એવો પ્રસંગ ઉપસ્થિત કરી આપો. ” વૃદ્ધ ડોશીમાએ કેવી ચાલાકીથી એકજ વાકયમાં સંતાનસુખ, સમૃદ્ધિ, પુત્રવધુ અને દિર્ઘાયુ આદિ માગી લીધાં તેનો વિચાર કરતાં આપણને ઘણીવાર અજાયબી લાગે છે. હું પણ એજ ડોશીમાની માફક સ્ત્રીઓની ઉન્નતિ અને સુધારણા માટે માત્ર એકજ વાકય દ્વારા પરમાત્માને

એવી પ્રાર્થના કરૂં છું કે—" પ્રભુ ! અમને બીજું કાંઇજ નથી જોઇતું, અમે અમારૂં આત્મબળ-આત્મ ગૌરવ, આત્મસંમાન અને કર્તવ્ય સમજી શકીએ અને તે પ્રાપ્ત કરી શકીએ, એવી તક આપો." એકજ ઔષધી જેમ અનેક રોગોને હણે છે, તેવીજ રીતે જો આપણી આ પ્રાર્થના સફળ થાય તો મને ખાત્રી છે કે આપણી અબળાજાતીમાં દાખલ થયેલાં સેંકડો આધિ-વ્યાધિ અને ઉપાધિઓ તેજ ક્ષણે દૂર થયા વિના રહે નહીં. પરન્તુ હું ઉપરજ કહી ચુકી છું કે પરમાત્મા પોતે આપણી પ્રાર્થનાઓ સાંભળી આપણને ઉંચે લઇ જાય એમ માનવું એ કાયરતાજ છે. ભગવાનને આપણી શી પડી હોય? ભગવાન પણ સાધના, તપસ્યા અને ભક્તિથીજ પ્રસન્ન થાય છે. આપણે ભગવાનનું પુરૂં સ્વરૂપ પણ નથી જાણતાં તો પછી તેની ભક્તિ અને ઉપાસના દ્વારા આપણી ઇષ્ટસિદ્ધિ મેળવીજ કેમ શકીએ ! આપણે પોતે આપણા આત્માની સાધના અને ઉપાસના કરવી જોઇએ. શાસ્ત્રમાં કહ્યું છે કે " नायमात्मा बलहीनेन लभ्यः " અર્થાત્ નિર્બળ માણસો પોતાના આત્માને પામી શકતા નથી. જ્યાં સુધી મનુષ્ય પોતે પોતાના આત્માના સામર્થ્યને ન સમજે, મનુષ્ય પોતેજ આત્મા ઉપર શ્રદ્ધા રાખતો ન થાય, ત્યાં સુધી બહારની અનંત સાનુકૂળતાઓ પણ તેને સુખ આપવાને બદલે ઉલટી દુઃખદાયક

જ થઇ પડે છે. પુરાણુમાં એક એવી કથા છે કે એક મહાન્ ઋષીની ઝુંપડી પાસે એક ઉંદરડી રહેતી હતી. આ ઉંદરડી ઉપર ઋષીરાજ કેટલાંક કારણોને લીધે ઘણા પ્રસન્ન થયા અને કહ્યું કે 'તું માગ તે હું આપું!' ઉંદરડીએ બહુ બહુ વિચાર કરી, છેવટે એવી માગણી કરી કે "જો આપ મારા ઉપર પ્રસન્ન થયા હો તો મને ઉંદરડીના સ્વરૂપમાંથી ઉગારી લઇ બીલાડીનો દેહ આપો, જેથી હું બીલાડીઓના નિત્યના જુલમ-માંથી સદાને માટે મુકત રહી આનંદ અને સ્વાતંત્ર્યમાં દીવસો ગુજારી શકું." ઋષિરાજે કહ્યું–"તથાસ્તુ!' ઉંદરડી હતી તે બીલાડી બની ગઇ. થોડા દિવસો વ્યતીત થયા એટલે પાછી તે બીલાડી ઋષિ પાસે આવી કહેવા લાગી કે—"આપે મને બીલાડી તો બનાવી, પણ કુતરાઓ મને સુખે જંપવા દેતા નથી. માટે જો જરા કૃપા કરીને મને કુતરાનો દેહ આપો તો પછી ફરીથી તમારી પાસે આવી તમને નકામી તસ્દી ન આપું. ગમે તેમ કરીને મારી આ પ્રાર્થના મંજુર કરો." ઋષિએ કહ્યું—"જા, તથાસ્તુ!" બીલાડી હતી તે મહાત્માની કૃપાથી કુતરી બની ગઇ. પરંતુ કુતરાઓ ઉપર મનુષ્યો કેવો ત્રાસ વર્તાવે છે તેનો કડવો અનુભવ થતાં, થોડા દિવસ પછી પુનઃ તે મહાત્મા પાસે આવી અને કહેવા લાગી કે "મને માણુસો બહુ હેરાન કરે છે, લાકડીના પ્ર-

હાર સિવાય, મેં જે ઉચ્ચ સુખની આશા રાખી હતી તેમાંનો તો અંશ સરખો પણ મળી શકતો નથી. માટે મને જો એકવાર વિશેષ કૃપા કરી માણસ બનાવો તો પછી હું કોઇ વાર આપની પાસે આવી આપને વિઘ્નભૂત ન થઉં." વાર્તા જરા લાંબી છે. ઋષિરાજે પોતાના સામર્થ્યથી ક્રમે ક્રમે ઉંદરડીને એક દેવતાની પદવીએ ચડાવી. છતાં તેમાં પણ તેને સુખ–શાંતિ ન મળી તે અંત સુધી ન જ મળી. આખરે ઉંદરડીની ઉપરાઉપરી માગણીઓથી કંટાળી ઋષિએ કહ્યું કે--"पुनर्मुषिको भव !" અર્થાત્ "જા, પાછી, હતી તેવી ને તેવી જ ઉંદરડી બની જા!" આ વાત ઉપરથી સમજવાનું એ છે કે બીજાની કૃપાથી એક પ્રાણી ગમે તેટલી ઉંચી સ્થિતિએ ચડે, પણ જ્યાં સુધી તેને પોતાના આત્મબળ અને સામર્થ્યનો સંપૂર્ણ વિશ્વાસ ન આવે ત્યાં સુધી તે દુઃખી ને દુઃખી જ રહેવાનું ! દેવતાની સ્થિતિએ ચડવા છતાં જે પોતાના આત્માને ઉંદરડી જેવો જ માને તેના નસીબમાં સુખ–શાંતી કોઇ કાળે હોઈ શકે ખરી ? એવી જ રીતે જ્યાં સુધી આપણે આપણી જાતને છેક નિર્બળ–પરાધીન અને ઓશીઆળી માની લઇએ, આપણે પણ આ સંસારમાં જન્મ ધરી ગૃહરાજ્ય ચલાવવાનું છે, આપણે શીરે સબળ પ્રજાનો વારસો મુકી જવાની જવાબદારી છે, કીર્ત્તિની સુવાસ ફેલાવવાનો

જન્મહક્ક છે; એમ અંતઃકરણપૂર્વક માનતા ન થઇએ ત્યાં સુધી પુરૂષોના ઠરાવો, પાર્લામેંટના કાયદાઓ કે ધર્મોપદેશકોના હજારો ઉપદેશો શું કરી શકવાના હતા ? મારે ફરી ફરીથી તારા દીલ ઉપર જે એક વાત ઠસાવવાની છે તે માત્ર એટલીજ છે કે સખી ! આપણે પોતે આપણા કર્ત્તવ્યની સીમા નક્કી કરવી જોઇએ, આપણે પોતે આપણી સુખ અને ઉન્નતિની પાકી સડક તૈયાર કરવી જોઇએ. બીજા ઉપર આધાર રાખી બેસવું એ નકામું છે.

ખરૂં પુછે તો બીજાઓ આપણું કલ્યાણ કરવા જતાં ઉલટું અકલ્યાણ જ કરે છે એમ કહું તો અકળાઇ જઇશ નહીં. હું તારી પાસે મારા હૃદયની ગૂઢ વાતો જ ખુલ્લી કરૂં છું. મને આ દીર્ઘજીવનમાં વાંચન–મનન અને અનુભવોથી જે કાંઇ પ્રાપ્ત થયું છે તેનો સહેજ ભાગ તારી પાસે નીઃસંકોચપણે રજુ કરવા માગું છું. હું કદાચ ભૂલતી પણ હોઇશ પરંતુ પ્રથમથી જ એમ માની લઇ મને અન્યાય ન આપીશ. મારા પત્રો ઉપર સંપૂર્ણ વિચાર ચલાવજે અને પછી તેમાંની જે કોઇ વાત તને વાજબી લાગે તેને અમલમાં મુકી ઉજ્જવળ દ્રષ્ટાંત પુરૂં પાડજે. જીવનની સાર્થકતા અને સફળતા પણ એજ છે. હા, પણ હું શું કહેતી હતી ? હું એમ કહેવા માગું છું કે સ્વાલંબન સિવાય બીજું બધું નકામું છે. બીજા આ-

પણુ હિતૈષીઓ આપણને સ્વતંત્ર અને સુશીક્ષિત બનાવવા જતાં ઉલટા કેટલીકવાર વિશેષ પ-રાધીન અને અલ્પજ્ઞ બનાવી દે છે. હું એક દ્રષ્ટાંત દ્વારા આ વાત સિદ્ધ કરીશ. સ્ત્રીકેળવણીની જ્યારે જ્યારે વાતો અને ચર્ચાઓ થાય છે ત્યારે ત્યારે કહેવામાં આવે છે કે સ્ત્રીઓને ઉંચી કેળવણી આપવાની જરૂર નથી. તેમને તો માત્ર ગૃહકાર્ય અને સંતાનપાલન આદિનું શિક્ષણ મળે એટલુંજ બસ છે. તેમને ક્યાં નોકરી કરવા જવું છે ? આ મતથી હું તદ્દન વિરૂદ્ધ નથી. ગૃહ એજ સ્ત્રીઓનું મહાન્ રાજ્ય છે, એમ હું પોતેજ આગળ જતાં પુરવાર કરવાની છું; આપણને નોકરીએ જવાની કે નાચના મેળાવડાઓમાં જવાની કશી આવશ્યકતા નથી એ તો હું પણ માનું છું; પરંતુ આપણી કેળવણીની જેઓ આટલી ટુંકી હદ આંકે છે તેઓ આપણને કેવી સ્થિતિમાં રાખવા માગે છે તેની કલ્પના કરવાનો પણ શું આપણને અધિકાર ન હોઇ શકે ? આપણે રસોઇનું, સીવણનું અને છોકરાંઓ ઉછેરવાનું કામ કરી શકીએ એમાંજ આપણા જ્ઞાન-કર્ત્તવ્ય અને ધર્મનું સર્વસ્વ શું સમાઇ જવું જોઇએ ? અને આપણને રાંધણકળા-સીવણકળા આદિ વિષયોમાં પ્રવીણ બનાવવાનો જે પ્રયત્ન થાય છે તે શું કેવળ પરોપકાર દ્રષ્ટિએ જ ? એમાં પુરૂષજાતીનો કાંઇજ સ્વાર્થ નથી ? વસ્તુતઃ આ

પણુને કેળવી પુરૂષો આપણી પાસેથી વધારે સારા કાર્યની આશા રાખે છે એમ કેમ ન કહી શકાય? જોકે બધાજ પુરૂષો સ્વાર્થી અને મતલબી હોય છે એમ હું કહેતી નથી. મારી કહેવાની મતલબ તો એટલીજ છે કે આપણે પોતે આપણું હિત વિચારી નક્કી કરવું જોઇએ. નહીં તો અત્યારે અંગ્રેજ અમલદારો જેમ કહે છે કે—"તમારે હિન્દીઓને ઉચ્ચ કેળવણી લઈ શું કરવું છે? તમારે રાજનીતિની ચર્ચા કરવાની કે અસ્ત્ર–શસ્ત્ર આદિનું શિક્ષણ લેવાની જરૂરજ શું છે? અમે બેઠા છીએ કે નહીં? તમે તો વાંચતાં–લખતાં અને નામું રાખતાં શીખો એટલે બસ છે!" તેવીજ રીતે પુરૂષો પણ આપણને કહેવાના કે—"તમારે સાહિત્યના કઠિન વિષયો સમજવાની શું જરૂર છે? તમને ધર્મ–ઈતિહાસ અને અર્થશાસ્ત્રમાં નકામું માથું મારવાની આવશ્યકતા જ શું છે? તમે તો સારી રીતે રાંધતા, ભરત–શિવણ કરતાં અને બહુ બહુ તો ઘરનો રોજનો ખર્ચ મેળ રાખતાં શીખો તો પણ ઘણું છે. અમે બેઠા છીએ ને? તમારે ક્યાં નોકરી કરવા જવું છે?" એક ખેડુતના છોકરાને કોઈ કહે કે "તને વાંચતાં–લખતાં શિખવાની જરૂરજ શું છે? તું તારે તારી ખેતીવાડીમાં સંપૂર્ણ લક્ષ આપી ઉપજમાં વધારો કરતાં શીખ એટલુંજ બસ છે." એનો અર્થ માત્ર એટલોજ કે

એક ખેડુતને સારો ખેડુત બનાવવો, એક મજુરને સારો મજુર બનાવવો, એક મોચીને સારો મોચી બનાવવો એ સિવાય કેળવણીનો બીજો કાંઇ ઉચ્ચ હેતુ હોવો સંભવતો નથી. પરંતુ એમ કહેવું તે ગેરવ્યાજબી છે. કેળવણીથી જો સ્ત્રીઓ સ્વચ્છંદી થઇ જતી હોય, કેળવણીથી જ જો સ્ત્રીઓ દુરાચારી બની જતી હોય તો હું કહું છું કે તે કેળવણી જ નથી. જે દીપક પ્રકાશ ન ફેલાવતાં ઉલટો અંધકાર ફેલાવે તેનો કયો બુદ્ધિમાન દીપક કહી શકે ? જે દીપક માત્ર પુરૂષોના અમુક ભાગને જ પ્રકાશ આપી શકે તે વસ્તુતઃ પ્રકાશ જ નથી. કેળવણીથી સ્ત્રીઓનું ચારિત્ર્ય બગડી જાય છે, એમ કહેવું તે ઘોર મિથ્યા અપવાદ છે. જે સત્ય અમુક સીમાની અંદર જ "સત્ય" રૂપે રહી શકે તે ખરૂં જોતાં સત્ય જ નથી. સ્ત્રીઓને ઉચ્ચ કેળવણીની શું જરૂર છે તેનો એક જ જવાબ છે, અને તે એ જ કે નદીઓ અને નહેરોથી આસપાસના ક્ષેત્રોને ફળદ્રુપ બનાવી શકાય, પરંતુ સમગ્ર પૃથ્વીને ફળદ્રુપ બનાવવી હોય તો નદીઓ-નહેરોથી ન ચાલી શકે. તેને માટે તો મૂશળધાર વૃષ્ટિ જ પડવી જોઇએ. આ વૃષ્ટિમાં પણ નદી-નહેરનું તો જીવન સમાયેલું જ છે એ ભૂલવાનું નથી. સ્ત્રીઓની સર્વાંગીન કેળવણીમાં પણ ગૃહ-સંસાર અને સંતાનપાલનની કેળવણી રહેલી જ છે એમ કહેવાની જરૂર નથી.

સખી ! એક આખી જાતિને પરાધીન અને પરાવલંબી રાખવાથી અંતે કેટલો પશ્ચાત્તાપ કરવો પડે છે, તે આપણે યુરોપના મહાયુદ્ધના પ્રસંગે જોઈ શકયા છીએ. જેઓ હિંદીઓને એમ કહેતા હતા કે–"તમને સૈનિક વિદ્યાની તાલીમ લેવાની આવશ્યકતા જ શું છે ? તમને શરીરબળ કેળવવાની માથાકુટમાં ઉતરવું જ શામાટે જોઇએ ?" તેઓ પોતેજ અણીના પ્રસંગે કહેવા લાગ્યા કે–"તૈયાર થાઓ ! હિંદીઓ ! લશ્કરો ઉભાં કરો ! સૈનિક વિદ્યાની તાલીમ લ્યો ! તમારા દેશનું રક્ષણ કરો !" આગ લાગે ત્યારે કૂવા ખોદવા નીકળવું તે આનું નામ ! જેઓ યુદ્ધ પહેલાં યુરોપીયન સ્રીઓની અવગણના કરતા હતા, અને જેઓ સ્રીની સ્વાભાવિક યોગ્યતા માટે ઉપહાસ્ય કરતા હતા, તેઓ લડાઈ વખતે સ્રીઓએ બજાવેલાં કર્ત્તવ્યો જોઇ શરમાઈ ગયા છે, હવે તેઓ સ્રીઓની ઉપયોગિતા અને શકિતની પીછાન કરવા લાગ્યા છે. હું એકવાર કહી ચૂકી છું કે અત્યારે તો આપણે માત્ર ગૃહકાર્ય જ સંભાળવાનું છે, પરંતુ બીજાઓ આવીને આપણને એમ કહે કે–"બસ, તમારે માટે એટલું જ બસ છે–ઘણું છે." તે તો અસહ્ય છે. આપણી કેટલીક બ્હેનોને કમનસીબે નિરાધાર અવસ્થામાં પૂરતી કેળવણીના અભાવે કેટલી મુશ્કેલીઓ વેઠવી પડે છે તે જો તેમના સ્વર્ગસ્થ પતિઓ અને પિતાઓ જુવે તો

તેમને પણ એમજ લાગે કે સ્ત્રીકેળવણીને સંકુચિત બનાવી દેવામાં આપણે પોતે જ આપણું અહિત કર્યું છે. એક નિરાધાર બનેલી બ્હેન ભરત-ગુંથણ અને એવી બીજી કળાઓના પ્રતાપે કદાચ પોતાના પરિવારનું સારી રીતે ભરણ-પોષણ કરી શકે. પરંતુ સંતાનોમાં ઉચ્ચ સંસ્કાર રોપવાનું, પ્રસંગ પડયે વ્યાવહારિક મુશ્કેલીઓમાંથી માર્ગ કરવાનું કેવી રીતે સમજી શકે ? આ વિષય માત્ર યુક્તિઓ અને દલીલોનો જ નથી. વ્યવહારમાં-સંસારના વિકટ વ્યવહારમાં ક્ષણે ક્ષણે આવી પડતી અણધારી મુશ્કેલીઓની સામે શી રીતે થવું પડે છે, તેનો ખ્યાલ અનુભવીઓ સિવાય અન્યને નજ આવી શકે. મહાયુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત થયા પહેલાં જેવી રીતે અંગ્રેજ અમલદારો હિંદીઓ સર્વાંગીન કેળવણીની વાતોને સ્મિતહાસ્ય પૂર્વક ઉડાવી દેતા હતા તેવી જ રીતે પ્રસંગ પડયા વિના આવી સ્ત્રીકેળવણીની અને નારી-મર્યાદાની વાતોને ઉડાવી દેવામાં આવે એ તદ્દન બનવાજોગ છે. પરંતુ એટલાથી નિરાશ થઇ બેસી રહેવાનું નથી. પૂર્વકાળની આપણી જ બ્હેનો જ્ઞાન-કર્મ-ધર્મ-સતીત્વ-શૂરત્વ અને આત્મભોગનાં જે ઉજ્જવળ દષ્ટાંતો સાહિત્ય અને ઇતિહાસમાં મુકતી ગઇ છે, તેના પ્રકાશથી આપણે પણ આપણા જીવનનો માર્ગ પ્રકાશિત બનાવવો જોઇએ. આપણને યુરોપના

ઉછીના પ્રકાશની જરૂર નથી. ગાર્ગી-મૈત્રેયી અને રાજપૂત વીરાંગનાઓના ચારિત્ર્યબળનો પ્રકાશ ઝીલી શકીએ તો પણ બસ છે.

ગૃહરાજ્ય.

(૨)

સખી ! મેં આ પત્રમાં ગૃહરાજ્ય વિષે બોલવાનું ગયા પત્રમાં વચન આપ્યું હતું. તે વખતે મેં જે કાંઇ કહેવાનો વિચાર કરી રાખ્યો હતો તે હું હવે બરાબર રીતે કહી શકીશ કે નહીં તેની શંકા છે; કારણ કે આપણી શક્તિ અને સત્તા સંબંધી વિચારો તે વખતે મારી દ્રષ્ટિ આગળ સીનેમેટોગ્રાફની ફીલ્મ માફક એવા તો ઉપરા ઉપરી પસાર થઇ રહ્યા હતા કે આ બધા વિચારો હું મારી સખીને કેવી રીતે સમજાવી શકીશ તેનીજ ભાંજગડ કર્યા કરતી હતી. એટલામાં સખી સરળાની એક જવાળાએ અકસ્માત્ મારૂં ધ્યાન ખેંચ્યું અને મને લાગ્યું કે હું મારા જે વિચારો એક આખા ગ્રંથમાં ન બતાવી શકત તે આ માત્ર દસ-પનર લીંટીઓની અંદર કેવા સુંદર ભાવથી રજુ થઇ શકયા છે ! તને તે વિચારો જાણવાની સ્વાભાવિક રીતેજ ઉત્કંઠા થઇ હશે. વધારે વિલંબ નહીં કરતાં તેજ રહસ્યમય પંક્તિઓ હું તારી પાસે રજુ કરીશ. પ્રસિદ્ધ વિદુષી સખી સરળા

એક સ્થળે કહે છે કે–" ગૃહ, સમાજ, જાતિ અને સમગ્ર માનવસમાજમાં નારીનો અધિકાર એક સરખી રીતે વ્યાપ્ત થઇ રહ્યો છે. નારીજ ગૃહને સ્વર્ગ અથવા નર્કનું રૂપ આપી શકે છે. સ્ત્રીઓજ વસ્તુતઃ લક્ષ્મી-સ્વરૂપ છે, સ્ત્રીઓજ ગૃહની અધિષ્ઠાત્રી દેવીઓ છે. લક્ષ્મીના બે સ્વરૂપ કલ્પવામાં આવ્યાં છે. (૧) શ્રી અને (૨) કલ્યાણ. તેમાં એક સુંદર અને બીજું સત્–અર્થાત્ દૈહિક અને નૈતિક ઉન્નતિ. ગૃહને સુંદર, સ્વચ્છ અને વ્યવસ્થિત બનાવવાનું કામ નારીજાતિનુંજ છે. સમાજમાં નારીનો અધિકાર સર્વ શક્તિમાન રૂપે સર્વત્ર ફેલાયેલો જોઇ શકીએ છીએ. ગૃહ અને સમાજમાં એક સ્ત્રી જેટલું અને જેવું કાર્ય કરી શકે, તેવું અને તેટલું પુરૂષોથી કદાપિ નજ થઈ શકે. કહેવું પડશે કે નારીના કર્તવ્યનું માપ કહાડવું અશકય છે. મનુષ્યોના સમુહથી એક જાતિ તૈયાર થાય છે, અને મનુષ્યોની માતા પણ નારીજ છે એમ કહેવામાં હરકત નથી. માતાના શિક્ષણની છાપજ સમષ્ટિના અંતરમાં સદાને માટે જળવાઇ રહે છે. ટુંકામાં, સમાજને ઉત્પન્ન કરનાર અને પોષણ આપનાર જો કોઇ હોય તો તે સ્ત્રીઓજ છે, પુરૂષો નહીં. સમગ્ર માનવસમાજમાં સ્ત્રીઓ સ્નેહ, દયા, આતિથ્ય અને પરોપકારનો અમૃત પ્રવાહ વહેવડાવી શકે છે. મનુષ્યોની કોમળ વૃત્તિઓ ઉપર તેમનોજ

એક માત્ર સંપૂર્ણ અધિકાર છે. નારીજાતિની શક્તિનું આટલું સંક્ષિપ્ત વિવરણ સર્વ કોઈની ખાતરી કરાવી આપશે કે સ્ત્રીઓનું કર્ત્તવ્યક્ષેત્ર અને તેમની જવાબદારી કાંઇ જેવાં તેવાં નથી. ”

તમે અને હું ગૃહરાજ્યની રાજરાણી છીએ. જો કે આ વાત બીજી કોઈ પરદેશી બાઇ સાંભળે અને એ કથનને આપણા નિત્યના જીવનની સાથે સરખાવે તો આપણી મશ્કરી જ કરે. પરન્તુ આ પત્રાવલીમાં એ વાત લખવામાં કાંઈ હરકત નથી. આ રાજ–રાણીઓની–ગૃહની અધિષ્ઠાત્રી દેવીઓની–જગત્માતાઓની આજે શી સ્થિતિ છે, તેની તુલના કરવાની આપણી કેટલી બ્હેનોને ઇચ્છા સરખી પણ થતી હશે ? ગૃહની રાજરાણીઓ આજે દાસીઓ જેવી જ શું નથી બની ગઈ ? સમાજની અધિષ્ઠાત્રી દેવીઓ આજે શું સમાજના જ કુરીવાજો અને કુરીતિઓના જુલમ નીચે નથી ચગદાઇ ગઈ ? આટલું છતાં આપણને આપણી અત્યારની સ્થિતિ લેશ પણ કંટાળાભરી લાગતી નથી. કારણકે આપણે એમજ માની બેઠા છીએ કે આપણને જે રાજરાણી કે અધિષ્ઠાત્રીની પદવીઓ આપવામાં આવી છે તે માત્ર વાણી દ્વારા આપણું મન રંજન કરવા માટે જ છે. આમ મનાય એ આત્મવિસ્મૃતિનું એક અનિવાર્ય પરિણામ છે. ખરૂં પૂછે તો સ્ત્રીઓની સત્તા ગૃહરાજ્યમાં અબાધિત–અપરિમિત છે, પછી

તેનો સદુપયોગ કરતાં ન આવડે તો તે જૂદી વાત છે; પરંતુ સ્ત્રીઓને કુદરતી રીતે જ એ સત્તા પ્રાપ્ત છે એની તો ના નહીં જ કહી શકાય. ન્હાનાં ન્હાનાં ગૃહો મળીને સમાજ રચાય છે. જો ગૃહિણી માત્ર ગૃહને સુધારવાનું-સમુન્નત બનાવવાનું મનમાં લે તો સમાજના કુરીવાજો ઘડીના છઠ્ઠા ભાગમાં અદૃશ્ય થઈ જાય અને સમાજનાં સ્ત્રી-પુરૂષો પ્રત્યક્ષ સ્વર્ગ જેટલું સુખ ભોગવવા ભાગ્યશાળી થઇ શકે. પુરૂષો કિંવા સમાજસુધારકો ઘણીવાર કહે છે કે સમાજના ઘણા અનર્થો અને અનાચારોનું મૂળ સ્ત્રીઓની અજ્ઞાનતા અને વ્હેમો જ હોય છે. તેમનો આ આક્ષેપ તદ્દન અર્થરહિત નથી. કદાચ ખોટો હોય તો પણ એ આક્ષેપ ગૃહની રાજ્ઞીઓને શિરે કેટલી જવાબદારીઓ રહેલી છે તેનું બહુ સ્ફુટ રીતે સૂચન તો કરે છે જ. રાજ્ય ચલાવવાં એ કાંઈ સહેલાં નથી. તેમાં પણ ગૃહરાજ્ય ચલાવવાં એ તો એથીએ દુર્લભ છે, એ તો ભુક્તભોગીઓ જ સમજી શકે એમ છે. રાજાને જેવી રીતે દુષ્ટોનું દમન, શીષ્ટોનું સન્માન, શાંતિનું સંરક્ષણ તથા આવક-ખર્ચની દેખરેખ રાખવાની હોય છે તેવી જ રીતે સ્ત્રીઓને પણ ગૃહમાં દુરાચારોનું દમન, સદાચારોનું સંમાન, શાંતિનું સંરક્ષણ તથા ખર્ચની વ્યવસ્થા રાખવાની હોય છે.

આપણું રાજ્ય સ્નેહનું રાજ્ય છે, પ્રીતિનું

રાજ્ય છે, સેવાનું રાજ્ય છે, સત્તાનું કે આજ્ઞા ચલાવવાનું નથી. સત્તાના અને આજ્ઞાના સેંકડો મહારાજ્યો આજે એવાં તો જમીનદોસ્ત થઇ ગયાં છે કે બીચારા શોધકોને તે સત્તાધારીઓ અને આજ્ઞાકારીઓનાં પુરાં નામ–નિશાન પણ આજે મળી શકતાં નથી. સ્નેહ અને પ્રીતિનાં રાજ્યોમાં કોઇની દખલગીરી ચાલી શકતી નથી. સેવા–ભકિત અને હૃદયની વિશુદ્ધિ ખુદ પરમાત્માને પણ વશીભૂત કરી દે છે, અજ્ઞાન અને ક્રૂર પશુઓને પણ પોતાના કુટુંબીઓ જેવા બનાવી દે છે, તો પછી મનુષ્યોને માટે તો કહેવું જ શું ? તું હવે સમજી શકી હશે કે હું જે આત્મગૌરવ–આત્મસંમાનની વાતો કરતી હતી તે એક સફ્રેજીસ્ટ તરીકે નહીં પરન્તુ એક યથાર્થ–શુદ્ધ આર્ય નારી તરીકે જ કરતી હતી. કેટલાક સ્ત્રી–સ્વાધીનતાના હીમાયતીઓ સ્ત્રીઓમાં પણ પુરૂષત્વ ખીલવવાના તનતોડ પ્રયત્નો કરી રહ્યા છે એ વાત મેં પશ્ચિમના સાહિત્યમાં વાંચી છે. પણ મને તેમાં શ્રદ્ધા નથી. સ્ત્રી ગમે તેમ તોપણ પુરૂષ તો ન જ બની શકે. તેમાં પણ આર્ય સ્ત્રીઓ કે જે સ્નેહ, પ્રીતિ, દયા, સેવા–સુશ્રુષા અને સહનશીલતાના દૈવી વાતાવરણમાં ઉછરેલી છે, જેની નસે–નસે આત્મત્યાગ અને ઔદાર્યનો રક્તપ્રવાહ વહી રહ્યો છે, જેઓ વિલાસ–વૈભવમાં સેંકડો વર્ષ પર્યંત સુખથી વસવાને બદલે સેવા–ભકિત

કરતાં એક ન્હાની સરખી ઝુંપડીમાં મરવાનું વધારે પસંદ કરે છે, તેઓ પુરૂષ બનવાનો સ્વપ્નમાં યે ખ્યાલ સરખો કેવી રીતે કરી શકે? સ્ત્રીઓના સ્વાભાવિક ગુણોનો જ્યાં અનાદર થાય છે, જ્યાં સ્ત્રીઓ પોતે પોતાની સ્વાભાવિક મહત્તા સમજતી નથી ત્યાં જ આવા અથડામણીના પ્રસંગો ઉભા થાય છે. યુરોપ આજે એ અથડામણીનું મુખ્ય નાટ્યાલય બની ગયું છે. સદ્ભાગ્યે આપણને વારસામાં મળેલા સદ્ગુણો આપણે, આટલા યુગાંતરોની મધ્યમાં થઇને પસાર થવા છતાં ભૂલી ગયાં નથી. જો આપણે કોમળ વૃત્તિઓને છેક ગુમાવી બેઠાં હોત તો આજે આપણને પણ સત્તા અને સુખની ખાતર પુરૂષો પાસે હાથ લાંબો કરી ભીક્ષા યાચવાની ફરજ પડત.

ગૃહરાજ્યની લગામ હાથમાં લેવા છતાં આપણી કેટલી બ્હેનો ગૃહરાજ્યની જવાબદારીઓ બરાબર સમજી શકતી હશે? રાજા જ્યારે વ્યસની અને મૂર્ખ જેવો હોય છે ત્યારે રાજ્યમાં સર્વત્ર અંધાધુંધી ચાલવા લાગે છે. પ્રધાન તેમજ બીજા નોકરો સ્વચ્છંદી બની, અંતે પોતાની તથા રાજ્યની પાયમાલીનો માર્ગ તૈયાર કરે છે. આપણાં ગૃહરાજ્યોમાં પણ પ્રાય: તેવું જ બન્યું છે અને બને છે. ઘણી સ્ત્રીઓને, બ્હેન! મેં પોતાના પતિના વર્ત્તન વિષે ફરીયાદો કરતી સાંભળી છે, અનેકાનેક બ્હેનોને વશીકરણોનો મંત્ર જપતી

મેં જોઇ છે, સંખ્યાબંધ સ્ત્રીઓને સાસુ-સસરા તથા પતિ સંબંધી કડવી ફરીયાદો કરતી મેં અનુભવી છે. ખરૂં પૂછે તો આ બધું પરિણામ કેવળ આપણી પોતાની જ અજ્ઞાનતા-અલ્પજ્ઞતા અને દુર્બળતાનું જ છે. એક રાજા જ્યારે એવી ફર્યાદ કરે કે પ્રજાજનો મ્હારી આજ્ઞા માનતા નથી, પ્રધાન પોતે મને દાદ આપતો નથી ત્યારે તેનો અર્થ માત્ર એટલો જ કે તે પોતે જ અસમર્થ અને નાલાયક બની ગયેલો હોવો જોઇએ. હું ઉપર જ કહી ચુકી છું કે આપણું રાજ્ય પ્રેમનું-સ્નેહનું-ભકિતનું-અને સેવા સુશ્રુષાનું છે. આપણે જો આપણા સ્ત્રીયોચિત સદ્‌ગુણોથી આપણી આસપાસના કુટુંબીઓને વશીભૂત ન કરી શકીએ અને તેનો દોષ બીજા ઉપર મુકીએ તો તે આપણી નિર્બળતાનો સ્પષ્ટ પુરાવો છે. ગુણનો બીજો અર્થ સંસ્કૃત સાહિત્યમાં "રજ્જુ" અથવા દોરી એવો કરવામાં આવ્યો છે. સ્થૂલ રજ્જુઓ કરતાં સૂક્ષ્મ રજ્જુઓમાં અનંતગણું અધિક સામર્થ્ય હોય છે, તે તું કદાચ નહીં જાણતી હોય. મને તો સૂક્ષ્મ બળોમાં એટલી બધી શ્રદ્ધા છે કે હું ગમે તે સ્થળે, ગમે તેવા સંયોગોમાં એ બળનોજ આધાર લેવાનું ઉચિત માનું છું. મારી કહેવાની મતલબ એજ છે કે આપણે સદ્‌ગુણના બળથી સંસારને જીતી લેવો જોઇએ. આપણા ચારિત્ર્ય બળથીજ આપણા પતિ

અને સાસુ–સસરા રૂપી પૂજ્ય દેવ–દેવીઓને વશીભૂત કરી લેવાં જોઇએ. ભકિત અને સેવાથી સ્વયં ભગવાન્ પણ જો આજ્ઞા ઉઠાવવા તૈયાર થઇ જાય, તો પછી મનુષ્યો ઉપર તેની કેટલી અસર થાય તે સહેજે સમજી શકાય એમ છે. "નારી જ ગૃહને નર્ક અથવા સ્વર્ગનું રૂપ આપી શકે છે." એ કથન કોઇ બેવકુફનો બકવાદ માત્રજ નથી. નારીને ઉચિત એવા સદ્‌ગુણો જે ગૃહમાં ઝળહળી રહે છે, ત્યાં સ્વર્ગના જેવોજ અપૂર્વ અને દૈવી પ્રકાશ વિસ્તરી રહે છે. ગૃહદેવીઓ જ નિર્બળ બનેલા પુરૂષોમાં વીરત્વનો અગ્નિ પ્રદિપ્ત કરી શકે છે, ગૃહદેવીઓ જ દુરાચારી અને વિપથગામી સૂત્રધારોને સદાચારી બનાવી યથાર્થ માર્ગ બતાવી શકે છે, ગૃહદેવીઓ જ સ્નેહ–મમતાનો અમૃત પ્રવાહ વહેવડાવી સંસારમાં સ્વર્ગ રચી શકે છે. એથી ઉલટું પણ સ્ત્રીઓથી જ થઇ શકે છે. એક સ્થૂળ દ્રષ્ટાંત આપીશ તો આ વાત વિશેષ સ્પષ્ટ થઇ શકશે. વાત જો કે કાલ્પનિક છે, તોપણ સ્ત્રીના અધિકાર અને કર્તુત્વનું બહુ સારી રીતે સૂચન કરે છે, એટલું હું પ્રારંભમાં જ કહી દઉં છું.

એક પ્રસંગે એક કુટુંબમાં પતિ–પત્ની વચ્ચે તકરાર ઉભી થઇ. પુરૂષ કહે કે "આ ઘરમાં હું જ મ્હોટો, મ્હારાથી જ ઘરની બધી શોભા અને મહત્તા સચવાઈ રહી છે, મ્હારી કીર્તિ અને મોભાથી જ આ

ઘર ઉજળું છે." સ્ત્રી કહે કે "એ વાત અમુક અંશે અલબત્ત સત્ય છે; પરંતુ ઘરની લાજ–કીર્તિ અને મોભાનો બધો આધાર કેવળ તમારાજ ઉપર છે એમ ન કહી શકાય. સ્ત્રીઓનો પણ તેમાં ચોક્કસ ભાગ તો હોય છેજ. ગૃહને શોભા–સૌંદર્યવાળું બનાવવું કે કુત્સિત બનાવવું એનો કેટલોક આધાર સ્ત્રીઓની ઉપર પણ હોય છે." પુરૂષે પોતાની પત્નીની આ દલીલો તિરસ્કારી કહાડી અને જણાવ્યું કે "જ્યાંસુધી એ બાબત બરાબર પુરવાર ન થાય ત્યાંસુધી હું તે નહીં માનું." સ્ત્રીએ જવાબ આપ્યો—"ભલે, આપ ગુસ્સે ન થાઓ તો કોઇ વખતે બતાવી આપીશ." એક દિવસે પતિદેવ પોતાના સ્નેહીઓ અને મિત્રોની સાથે આનંદ–વિનોદ કરતા પોતાના દીવાનખાનામાં બેઠા હતા. ગૃહને યોગ્ય રીતે એવું શૃંગારવામાં આવ્યું હતું કે બહારથી આવેલા લોકોને ગૃહ સ્વામીના વૈભવનું સ્હેજે જ્ઞાન થઇ શકે. પત્નીએ વિચાર્યું કે પતિનો ગર્વ ઉતારવાનો આ સમય બહુજ ઉચિત છે, એમ ધારી તેણે પોતાના એક સાત–આઠ વર્ષના બાળકને પોતાની પાસે બોલાવ્યો. બાળકના શરીર ઉપર જે સુંદર વસ્ત્રાલંકારો હતાં તે સઘળાં ઉતારી લઇ તેને બદલે મેલાં-ફાટલાં–તૂટલાં કપડાં પહેરાવી–ચીંથરે હાલ જેવો બનાવી, હાથમાં એક સૂકો રોટલાનો ટુકડો આપી કહ્યું કે–"જા, તારા બાપને કહે

કે ભડકું તૈયાર થઇ ગયું છે, આજ તો શાક પણ નથી, ખાવા ક્યારે આવશો ?" છોકરો તો પોતાની માતાની આજ્ઞાને માન આપી, જ્યાં પોતાના પિતાના મિત્રો-સ્નેહીઓ અને દોસ્તો બેઠા હતા ત્યાં દોડી ગયો. બાળકને જોતાંની સાથે જ અને તેના ઉદ્ગારો સાંભળતાંની સાથે જ સર્વે મહેમાનોની ખાતરી થઈ ગઇ કે આ ગૃહસ્વામીનો બહારથી દેખાતો વૈભવ એ કેવળ ખોટો આડંબર જ છે! છોકરો પણ કેવો વાઘરી જેવો છે! તેને પુરાં કપડાં પણ પહેરવાને ક્યાં મળે છે! વળી, બિચારો ભડકું ખાઇને જીવતો હોય એમ જણાય છે! જો એમ ન હોય તો આ છોકરો પાંચ માણસોની વચ્ચે બેધડકપણે એવી વાર્ત્તા બોલીજ કેમ શકે ?" આવેલ મહેમાન-પરોણાના મુખ ઉપરનો ભાવ જોવાથી પેલો શેઠ પણ તેમના મનના વિચારો કળી ગયો. તે પોતાની સ્ત્રીના આવા વર્ત્તન માટે મનમાં ઘણો શરમાયો, પણ શું કરે? પોતે ગુસ્સે ન થવાનું પોતાની સ્ત્રીને પ્રથમથી જ તેણે વચન આપી દીધું હતું એટલે લાચાર! યોગ્ય સમયે મહેમાનો રજા લઇ પોતપોતાનાં ગૃહે ગયા, એટલે ગૃહસ્વામીએ પોતાની પત્ની પાસે આવી, જાણે પોતાનો વાંક કબુલ કરતો હોય તેમ જણાવ્યું કે-" સ્ત્રીઓજ ગૃહને નર્ક બનાવી શકે છે, એ હું મારા કડવા અનુભવ ઉપરથી તેમજ મ્હારી અપ-

કીર્તિ ઉપરથી જોઇ શકયો છું. હું મ્હારા ગર્વને માટે અંતઃકરણથી દીલગીર છું; પરન્તુ હજી તારે એક કામ કરવાનું છે. ગૃહને જેમ તેં અત્યારે નર્ક જેવું ચિતરી બતાવ્યું અને લોકોના મન ઉપર ઠસાવી દીધું તેમ હવે આપણા ગૃહને સ્વર્ગ જેવું બતાવી શકે તો મારા મનને સંતોષ થાય." સ્ત્રીએ કહ્યું—"એ પણ અમારે મન તો એક રમત વાત છે–અમારા જ હાથનો ખેલ માત્ર છે." થોડા દિવસો પસાર થયા. પુનઃ કેટલાક મહેમાનો અને દોસ્તોને આમંત્રવામાં આવ્યા. આ વખતે ગૃહદેવીએ એવી કૂશળતાથી સર્વ સામગ્રી તૈયાર કરી, એવી ખુબીથી છોકરાઓને શણગાર્યા, એવા સ્નેહથી છોકરાઓને વિવેક–વિનય આદિમાં નિપૂણ બનાવી દીધાં કે જ્યારે મહેમાનોએ એ બાળકોનો પહેરવેશ–તેમની બોલીચાલી અને તેમનો વિનય–વિવેક જોયો, ત્યારે તેમને મનમાં એમજ થઇ આવ્યું કે સંસારમાં જો ખરૂં સ્વર્ગ કયાંઇ હોય તો તે અહીંઆજ છે ! ધન્ય છે આ શેઠને ! જેમને આવી સુઘડ અને સુશીક્ષિત સન્નારી પૂર્વના પુણ્ય પ્રભાવે મળી હોય તેમને ખરેખર ધન્ય છે ! સૌ મિત્રો શેઠ શેઠાણીની પ્રશંસા કરતા યથા સમયે વિદાય થયા.

સખી ! કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે ગૃહની રચનાનો–શૃંખલાનો–વ્યવસ્થાનો સર્વ આધાર આપણી ઉપરજ રહેલો છે. આ તો એક સ્થૂળ દ્રષ્ટાંત

માત્ર છે. પણ તે ઉપરથી એટલું સમજી શકાશે કે જો ગૃહદેવી પોતેજ આરોગ્ય–સ્વચ્છ અને કૂશળ હોય તો તેની આસપાસ આરોગ્યતા–સ્વચ્છતા અને કૂશળતાનું વાતાવરણ જામ્યા વિના રહે નહીં. જો ગૃહદેવી પોતેજ સુશીક્ષિત, સ્નેહાળ અને વિવેકી હોય તો તેના સમાગમમાં આવનારાં સ્ત્રી–પુરૂષો અને બાળકો ઉપર પણ જ્ઞાન–સ્નેહ અને વિવેકની છાપ પડ્યા વિના રહે નહીં. જો ગૃહદેવી પોતેજ સચ્ચરિત્ર–સહૃદય અને સેવાપ્રિય હોય તો તેના સ્પર્શમાત્રથી લોઢું પણ સુવર્ણ બન્યા વિના રહે નહીં. એક માતા સો શિક્ષક કરતાં પણ પ્રભાવમાં વધે છે એમ જે કહેવાયું છે તેનો પણ એજ હેતુ છે. સખી સરલા પણ એટલા જ માટે કહે છે કે–"સમાજમાં નારીનો અધિકાર સર્વશક્તિમાન રૂપે સર્વત્ર ફેલાયેલો છે. સમગ્ર માનવસમાજમાં સ્ત્રીઓ સ્નેહ, દયા, આતિથ્ય અને પરોપકારનો અમૃતપ્રવાહ વહેવડાવી શકે છે. મનુષ્યોની કોમળ વૃત્તિઓ ઉપર સ્ત્રીઓનોજ એકમાત્ર સંપૂર્ણ અધિકાર છે." આપણાં ગૃહરાજ્યોની સીમા અને સત્તાનું સ્પષ્ટીકરણ કરવાને હવે આથી અધિક વિસ્તાર કે વિવેચનની જરૂર હોય એમ મને લાગતું નથી.

ચારિત્ર અને સૌંદર્ય.

(૩)

બ્હેની ! પહેલું સુખ તે જાતે નર્યા, शरीरमाद्यं खलु धर्मसाधनम्–શરીર સારૂં હોય તો જ ધર્મ–કર્મ વિગેરે ઠીક ઠીક થઈ શકે. એવાં અનેક સૂત્રો તેં અત્યાર આગમચ સાંભળ્યા હશે. વસ્તુતઃ આરોગ્ય બહુ ઉપયોગી છે અને તેને સર્વ સુખોમાં અગ્રસ્થાન આપવામાં કાંઇ અતિશયોક્તિ નથી. તથાપિ આજે લાંબે વખતે હું એ વિષય ત્હારી સન્મુખ રજુ કરૂં છું. તેનું એક ખાસ કારણ છે. હું આરોગ્ય કરતાં પણુ મન અને આત્માની વિશુદ્ધિ ઉપર ઉંડી શ્રદ્ધા ધરાવું છું. હું એમ માનું છું કે જો આપણું મનોબળ બરાબર ખીલવા પામે, આપણું ચારિત્ર્ય મધ્યાહ્નકાળના સૂર્ય જેવું પ્રકાશમાન બને તો તેની અંદર ન્હાનાં–મ્હોટાં અનેક ધર્મો–કર્તવ્યો અને વિધાનોનો સ્વયં સમાવેશ થઇ જાય. એટલા માટે જ મેં અત્યાર સુધી આત્મભાન અને ગૌરવનો વિષય તારી પાસે રજુ કરી તારો અમૂલ્ય સમય લીધો છે. આત્માના બળ પાસે આરોગ્યને હું એક અનુચરની જ ઉપમા આપું છું. સબળ મન અને વિશુદ્ધ આત્મા દેહના બળ અને સૌંદર્યને બ્રહ્માંડના ખુણામાંથી ઘસડી લાવે છે. મન અને શરીરને ઘણો નીકટનો સંબંધ છે. મન જ્યારે ક્રોધ–ભય–મોહ આદિથી વિકારગ્રસ્ત થાય છે

ત્યારે તેની અસર શરીર ઉપર થયા વિના રહેતી નથી. ઘણી સ્ત્રીઓ સૌંદર્યની પાછળ મરી પડે છે. સૌંદર્ય કાં જાણે બજારમાં વેચાતી કોઇ એક સ્થૂલ વસ્તુ ન હોય તેમ તેને પ્રાપ્ત કરવા ઘેલી જેવી થઇ જાય છે. આખું યુરોપ સૌંદર્ય પાછળ લગભગ ગાંડુ બની ગયું છે એમ કહું તો તેમાં લેશ માત્ર પણ અતિશયોક્તિ નથી. ત્યાં સૌંદર્યની અભિવૃદ્ધિ કરવા માટે નિત્ય નિત્ય નવી નવી દવાઓ, નવા નવા પાઉડરો, નવા નવા મલમો શોધાય છે, સૌંદર્યની ખાતર ખાસ માસિક પત્રો તેમજ પુસ્તકો પણ પ્રકટ થાય છે ! છતાં મૃગજળની જેમ સૌંદર્ય તો દૂર ને દૂર જ રહે છે ! જે વસ્તુ સૂક્ષ્મ છે, જેની વ્યાખ્યા પણ સંપૂર્ણ પ્રકારે થઇ શકતી નથી, એ વસ્તુ વેચાણથી મળી શકે એવી આશા રાખવી એ એક પ્રકારની ઘેલછા નહીં તો બીજું શું ? આપણા દેશમાં પણ કૃત્રિમ સૌંદર્યની અભિવૃદ્ધિનો ચેપી રોગ કંઇક ફેલાતો હોય એવા દશ્યો નજરે પડે છે. ખરૂં જોતાં સૌંદર્ય એ આરોગ્યનું એક બાહ્ય લક્ષણ છે, કુદરતી જીવનની એક જ્વલંત નીશાની છે, શુદ્ધ ચારિત્ર્યનો એક મૂર્ત્તિમંત પુરાવો છે. જેનું આરોગ્ય સંપૂર્ણ વિકાસને પ્રાપ્ત થયેલું હોય, જેનો આહાર–વિહાર કુદરતના નિયમોને સર્વથા અનુસરતો હોય તેના મુખ અને દેહમાં લાવણ્ય અને સૌંદર્યની પવિત્ર જ્યોતી ઝળહળી રહે છે.

જેનું મન નિરંતર ક્રોધ–શોક અને ચિંતાથી સળગ્યા કરતું હોય, જેના આહાર–વિહારનું કાંઈ ઠેકાણું ન હોય એવા મનુષ્યો પોતાનું આરોગ્ય બરાબર સાચવી શકતા નથી અને તેને પરિણામે તેમનું સ્વાભાવિક સૌંદર્ય તથા મનોહારિત્વ પણ અદૃશ્ય થઈ જાય છે.

મન અને આત્માની અસર જેમ શરીરના આરોગ્ય અને સૌંદર્ય ઉપર થાય છે તેવીજ રીતે શરીરના આરોગ્યની અસર મન ઉપર થયા વિના રહેતી નથી. હું આગળથી કહી ચૂકી છું કે એ બેને એક બીજાની સાથે એવો નજીકનો સંબંધ છે કે એકની અસર બીજા ઉપર થયા વિના નજ રહે. આરોગ્ય જ્યારે બગડવા લાગે છે ત્યારે મન પણ વિકૃત અને શિથિલ બની જાય છે. માંદો માણસ વાત વાતમાં ચીડાઇ જાય છે એ તો તેં અનુભવ્યું હશે. ગમે તેવો ધીર પુરૂષ પણ અમુક વખત સુધીની માંદગી ભોગવ્યા પછી કિંચિત્ ચીડીઓ અને ક્રોધી બની જાય છે. કારણ કે તેનું મન સહેજ નબળું પડી ગયું હોય છે. એટલા માટેજ શાસ્ત્રમાં શરીરનું સ્વાસ્થ્ય સાચવવા માટે આટલો બધો આગ્રહ કરવામાં આવેલો હોવો જોઇએ, શરીરની સ્વસ્થતાને ધર્મસાધનમાં એક નિમિત્તભૂત માનવામાં આવી છે તેનું પણ એજ કારણ હોવું જોઇએ.

આજે આપણું જીવન છેક કૃત્રિમ બની ગયું છે. આપણે કુદરતથી એટલાબધા દૂર પડી ગયા છીએ

કે કુદરત માતાનો શીતલ સ્પર્શ કેટલો આહ્લાદક અને કલ્યાણકર હોય છે તે પણ વિચારી શકતાં નથી. આપણા ખાન–પાન–આહાર–વિહાર તથા આનંદ–પ્રમોદ વિગેરેમાં સ્વાભાવિકતાના–નૈસર્ગિકતાના અંશો ક્વચિત્ જ જોવામાં આવે છે. ખાસ કરીને આપણામાં કંઈક રસવૃત્તિ વિશેષ હોય છે અને એને લઇને આપણે આપણા આહાર–વિહારોમાં પણ એવી કૃત્રિમ રસવૃત્તિ દાખલ કરી દીધી છે કે એ કૃત્રિમતાનું પ્રાયશ્ચિત આપણને પગલે પગલે કરવું પડે છે. ખરી ભૂખ કેવી હોય, ખરી તૃષા કેવી હોય, ખરી આરોગ્યતા કેવી હોય એનો તો સ્વપ્ને પણ આપણને ખ્યાલ આવતો નથી. ન્હાનાં ગામડાઓમાં તો હજીએ કંઇક કુદરતી જીવન જોવામાં આવશે પરન્તુ શહેરમાં વસનારાં અને તેમાંયે શ્રીમંતાઇના આડંબરોથી ઘેરાએલાં કુટુંબોમાં તો આરોગ્ય અને સ્વાભાવિક આહાર વિહારને નામે મોટું મીંડુજ સમજી લેવું. આરોગ્ય એ કાં જાણે વૈદ્યો અને ડાકટરો પાસેથી ખરીદી લેવાની વસ્તુ હોય તેમજ હવે તો અનેક સ્થળે મનાવા લાગ્યું છે. તીખા–તમતમતા–ખારા મીઠા પદાર્થો હોજરીમાં ભરી પોતાના આરોગ્યના મૂળમાં પોતે જ કુહાડો મારવો અને પછી ડૉકટરોની દયા અને દવાથી નીરોગી બનવાનો પ્રયત્ન કરવો એ આ જમાનાની ઘેલછા લગભગ સર્વવ્યાપી બની ગઈ છે. સાદાં અને

કુદરતી ખાનપાન એ આપણા આર્યોની એક મ્હોટામાં મ્હોટી કીર્ત્તિ અને સભ્યતાની પરિસીમા ગણાતી. યુરોપના સુધારાના પ્રવાહમાં તે સાદાઇ આજે તણાઇ ગઈ છે. કુદરતી નિયમોને માન નહીં આપવાથી જ આપણાં દુઃખો આજે વધી પડ્યાં છે. નિસર્ગદેવીએ હવા–પ્રકાશ, નિર્મળ જળ અને વિવિધ આહાર્ય દ્રવ્યોનો કેવો અખૂટ ભંડાર ખુલ્લો મુકી દીધો છે? આવી માયાળુ માતાના સામ્રાજ્યમાં વસનાર મનુષ્યોને વિવિધ આધી–વ્યાધીઓનો સ્પર્શ સરખો પણ કેમ થવો જોઇએ? છતાં અફસોસની વાત એ છે કે આજે આપણે આપણા ખોટા વ્હેમોથી તથા અનુચિત ખાનપાનોથી આપણા પોતાનાં જીવનોને દુઃખદાયી બનાવવાની સાથે આપણી આસપાસના કુટુંબીજનોને પણ ઉપાધિરૂપ થઈ પડીએ છીએ. ડૉ. જસ્ટ નામનો એક કુદરતપ્રિય વૈદ્ય કહે છે કે–"From sheer anxity for the health and welfare of her beloved ones, she works incessantly in her untiring love to dig their early graves." અર્થાત્ ખાનપાન અને બીજી બાબતોમાં ઉંધી દિશામાં હદ ઉપરાંત કાળજી બતાવી સ્ત્રીઓ પોતે જ પોતાના વ્હાલાંઓને જમપુરી તરફ મોકલી દે છે. આપણી બ્હેનોને માટે આ વિષય કાંઇ થોડો આક્ષેપનો નથી. આપણી કેટલીક બ્હેનો પો-

તાનાં બાળકોને અધિક સુકોમળ અને વૈભવી દેખાડવાની ખાતર તેમને કૃત્રિમ ખાન-પાન અને વસ્ત્રાલંકારોથી એવી રીતે દાબી દે છે કે પછી તે બાળકો કુદરતી જીવનનું સંપૂર્ણ માહાત્મ્ય સમજવાને પણ અશક્ત થઇ જાય છે. પરન્તુ એ વિષે હું હવે પછી વિસ્તારથી બોલીશ. હાલ તુરત તો આરોગ્યની સાથે જે મુખ્ય નિયમોને લાગે વળગે છે તે વિષે જ બે શબ્દો કહી લઇશ.

સંયમ, વૃત્તિ-સંક્ષેપ અથવા મનોનિગ્રહ એ આરોગ્ય સંરક્ષણનો એક મહાન્-દુર્ભેદ્ય દુર્ગ છે એમ વિના સંકોચે કહી શકાય. જ્યાં સંયમ હોય છે ત્યાં વિલાસિતા કે સ્વચ્છંદતા જેવા માનવકુળના રિપુઓ દાખલ થઈ શકતા નથી. આપણા શાસ્ત્રકારોએ સંયમ પ્રતિ લોકોનું ધ્યાન ખેંચવામાં પોતાથી બનતું કર્યું છે. આપણા દેશમાં સાધુ-મુનિઓ તથા સાધ્વીજીઓ પરમ પૂજ્ય અને આદરણીય ગણાય છે, તેમની ચરણ-રજથી આપણાં આવાસ-સ્થાનો પવિત્ર થાય છે. એ બધો પ્રતાપ તેમની સંયમશીલતાનો જ છે. જેઓ વધારે સંયમી અને ઓછી આવશ્યક્તાવાળાઓ હોય છે તેમના ચરણમાં મ્હોટા ચક્રવર્ત્તિઓ પણ પોતાનું શિર ઝુકાવે છે. મતલબ કે સંયમ એ આપણો આર્યોનો એક ઉજ્જ્વળ આદર્શ છે. કમભાગ્યે એ સંયમ આપણામાં અદૃશ્ય થઇ ગયો છે. સ્થળે સ્થળે વિલાસ-વૈભવ અને

વિવિધ આવશ્યકતાઓની મોહિની મૂર્ત્તિઓ સમાજના મ્હોટા ભાગને મૂર્ચ્છિત કરી રહી છે. સંયમના અભાવે આપણા ગૃહોમાં અનેક જાતની શારીરિક તેમજ માનસિક આધિ-વ્યાધિ ઉપાધિઓ દાખલ થઇ ગઇ છે. તેના પંજામાંથી છુટવાના વ્યર્થ પ્રયત્નો થઈ રહ્યા છે, પરંતુ જ્યાંસુધી રોગો અને કષ્ટોનાં મૂળ સ્વરૂપ મોજમજાહ અને સ્વચ્છંદતાને અંકુશમાં રાખવામાં ન આવે ત્યાંસુધી એ ઉપાયો જેવા જોઈએ તેવા અસરકારક નજ થઇ શકે એ ખુલ્લું છે. આપણને સામાન્યતઃ દેવીઓ, સહધર્મિણીઓ, તેમજ અર્ધાંગનાઓના સુમધુર નામથી સંબોધવામાં આવે છે. પરન્તુ ખરી રીતે તો આપણે કેવળ "રમણી" "ભોજ્યા" કે "કામિની" ના નામોનીજ સાર્થકતા કરવા કેમ જન્મ્યા ન હોઇએ એવો ભાસ આવ્યા વિના રહેતો નથી. રમણી એટલે રમણની-ક્રિડાની એક પુતળી, અને તે પુરૂષોનીજ; એમ કહેવાની આવશ્યકતા નથી. ભોજયા અને કામિનીનો પણ એજ અર્થ થઇ શકે. ત્યારે શું આપણા જન્મનો અને જીવનનો ઉદ્દેશ માત્ર પશુવૃત્તિ પોષવાનો જ છે? આપણી સાર્થકતા શું કેવળ ભોગ-વિલાસની અગ્નિમાં ઇંધણ નાખવામાં જ સમાપ્ત થવી જોઇએ? લગ્નના યથાર્થ આશયનો જો તું શાંત ચિત્તે વિચાર કરશે તો તને જણાશે કે સ્ત્રી-પુરૂષના લગ્ન સંબંધમાં પાશવતાને સ્થાન સરખું પણ

ન મળવું જોઇએ. જે સ્ત્રી પોતાના પુરૂષને અને જે પુરૂષ પોતાની સ્ત્રીને તેમના ધર્મમાં દ્રઢ ન રાખી શકે તે પુરૂષ કે સ્ત્રી પતિ કે પત્નીના નામને યોગ્ય નથી. ધર્મનું રક્ષણું કરવું, સંયમશીલતાને નિષ્કલંક રાખવી એ સિવાય લગ્નનો બીજો હેતુ આર્ય શાસ્ત્રકારોએ પ્રબોધ્યો નથી. પ્રસિદ્ધ નવલકથાકાર સ્વ. બંકિમચંદ્રે નારીજાતિના આદર્શોની પોતાના ઉપન્યાસોમાં બહુ સુંદર રીતે પ્રતિષ્ઠા કરી છે. તેઓ પોતાના એક ઉપન્યાસમાં એક સ્ત્રી–પાત્ર દ્વારા, કામથી વિહ્વળ બનેલા પતિને એટલે સુધી કહેવડાવે છે કે:–"ખબરદાર! મને સ્પર્શ કરવાનો તમને અધિકાર નથી. અલબત્ત તમે મારા પતિ છો, વંદનીય છો, પરંતુ એટલા જ ખાતર હું સર્વદા તમારી વાસનાઓને સર્વથા અનુસરૂં એ અશકય છે. યાદ રાખજો કે હું અને તમે લગ્નની પવિત્ર ગાંઠથી જોડાયેલા છીએ. પશુઓમાં લગ્ન હોતા નથી. જ્યાં લગ્ન નથી ત્યાં સ્વચ્છંદતાને–ઉચ્છૃંખલતાને સ્થાન હોઈ શકે. પરંતુ લગ્નમાં તો આદિથી લઈ અંત પર્યંત વિશુદ્ધિનું અને ધર્મનું જ રક્ષણ થવું જોઇએ અને જો એમ થાય તોજ લગ્નસંબંધ સાર્થક છે. હું જોઉં છું કે તમે વિષયોના દાસ બની ગયા છો. વિષયોની પરિતૃપ્તિ માટે જ પરમાત્માએ અમારી જાતિ પેદા કરી છે એમ જો માનતા હો તો હવે એ માન્યતા દૂર કરજો. તમે

જ્યારે મન-વચન-કાયાથી પવિત્ર બની મારી પાસે આવો ત્યારેજ તમને મારી નજીક બેસવાનો અધિકાર મળી શકે, છતાં જો ભયથી કે દબાણથી મને વશીભૂત કરવાનો તમારા તરફથી પ્રયત્ન થશે તો હું આજ ક્ષણે વિષપાન કરી સંસારનો ત્યાગ કરી જઇશ. " આજના જમાનામાં કોઇ સ્ત્રી કે પુરૂષ પોતાના પતિ કે પત્નીને આવો ધર્મનો ઉપદેશ આપી શકશે ? હિંદનો એવોજ એક બીજો નાટયકાર, રાજા શાંતનુ-કે જે વિષય-વિલાસમાં છેક અંધ બની ગયો હતો તેને ઉદ્દેશીને મત્સ્યગંધા અથવા સત્યવતી પાસે જે અસરકારક શબ્દો કહેવડાવે છે તે પણ સ્મરણમાં રાખવા જેવા છે.

મહાભારતમાં આવતું ભિષ્મપિતામહનું નામ તો તેં સાંભળ્યું હશે. ભિષ્મના પિતા રાજા શાંતનુ એક મચ્છીમારની કન્યા ઉપર કામ-વાસનાથી મોહિત થઈ ગયા હતા અને એટલા ખાતર ભિષ્મપિતામહને જીવન પર્યંત બ્રહ્મચર્ય પાળવું પડયું હતું; આ વાત તેં અત્યાર પૂર્વે અનેકવાર સાંભળી હશે. શાંતનું રાજા જ્યારે વીસ-વીસ વર્ષ સુધી વિષયરૂપી ઝેરનું પાન કરવા છતાં તૃપ્ત નથી થતા ત્યારે તેમની રાણી-મત્સ્યગંધા તેમને કેવા ઉગ્ર શબ્દોથી સાવચેત બનાવે છે તેનો કંઈક ખ્યાલ નીચેના વાર્તાલાપ ઉપરથી આવી શકશે:—

શાંતનુ—આજે બરાબર વીસ વર્ષથી સતત્ વિષય ભોગ કરી રહ્યો છું, છતાં શાંતિ નથી વળતી. આજે વીસ વીસ વર્ષ થઇ ગયાં, તેં મારા તૃષાતૂર નેત્રોને જુવાનીનું અમૃતપાન કરાવ્યું. છતાં હુજી પાત્ર તો અધુરૂં ને અધુરૂંજ રહી ગયું હોય એમ લાગ્યા કરે છે.

સત્યવતી—મૃત્યુના મુખમાં પ્રવેશ કરવા છતાં, મહારાજ ! તમારી તૃષા હજી નથી મટી? પીઓ! ખુશીથી પીઓ! મૃત્યુની છેલ્લી ઘડી સુધી, જેને તમે અમૃતરસ માની બેઠા છો તે અમૃતરસનું પાન કર્યા કરો ! જીવો ત્યાં સુધી પાન કરો, પિયુ ?

શાંતનુ—હું કયાં સુધી જીવતો રહી શકવાનો હતો ? જીવન રૂપી નિસરણી ઉપરથી રોજ નીચેને નીચેજ ગબડતો જઉં છું. મારો મૃત્યુનો સમય છેક નજીક આવી પહોંચ્યો છે એમ હું પોતે સમજી ચુકયો છું. તથાપિ વિષયની આગ નથી બૂઝાતી. શું કરૂં ? કાંઇ માર્ગ પણ નથી સૂઝતો.

સત્યવતી—જયાં સુધી જીવતા રહો, ત્યાં સુધી રસપાન કર્યા કરો–સુખથી–આનંદથી પાન કર્યા કરો.

શાંતનુ—સુખથી ? આનંદથી ? નહીં, પ્રિયે ! તારા સૌંદર્યમાં અમૃત કરતાં વિષ વધારે જણાય છે.

તારૂં સૌંદર્ય તિવ્ર મદિરાની માફક મને ઉશ્કેરી મુકે છે.

સત્યવતી—જો ખરેખર જ એને મદિરા અથવા વિષ સમજતા હો તો પછી શા માટે પાત્ર ભરી ભરીને અંતરમાં રેડ્યા કરો છો?

શાંતનુ—એનો કેવળ એકજ ઉત્તર છે અને તે એજ કે–"અભ્યાસદોષ." લોકો મદિરા શા માટે પીતા હશે? મદિરાના બુરા પરિણામોનો કડવો અનુભવ મેળવવા છતાં શા માટે તેની પાછળ ખુવાર થતા હશે? કારણ એકજ છે અને તે "અભ્યાસદોષ!" તને હું અત્યારે જે "પ્રિયતમે" ના નામથી સંબોધી રહ્યો છું તે પણ એક પ્રકારનો અભ્યાસદોષ જ છે!

સત્ય—તમારા પ્રેમસંબોધનોની કોને ગરજ છે?

શાંતનુ—જાણું છું. પ્રિયે, એ વાત બહુ સારી રીતે જાણું છું. પરંતુ શું કરૂં? અભ્યાસદોષ એવો ખરાબ છે કે ઇચ્છવા છતાં તેનો ત્યાગ પામર જીવોથી નથી થઇ શકતો. આ સુંદર રૂપ, આ અનંત યૌવન, આ વિશ્વવિમોહક લાવણ્ય એ બધું વસ્તુતઃ વિષરૂપ જ છે. એટલું છતાં તેનું પાન કર્યા વિના રહી શકાતું નથી. ઝેર જાણવા છતાં પાન કર્યા કરૂં છું. હું સારી રીતે સમજી

શકયો છું કે આ તારૂં શરીર મારૂં થયું નથી અને કદી થવાનું પણ નથી. એટલું છતાં હૃદય-હીન-પત્થરની મૂર્તિ જેવા તારા શરીરને ઉમંગથી ભેટું છું, ગળે લગાવું છું-ભુજ બંધનોમાં પકડી રાખવાનો વ્યર્થ પ્રયત્ન કર્યા કરૂં છું.

સત્યવતી—મહારાજ! મારી નિંદા નહીં કરો! તમારી પુરૂષજાતિ કેટલી કઠોર અને મમતાહીન હોય છે તે સ્પષ્ટ શબ્દોમાં બોલી બતાવવાની મને ફરજ ન પાડો. તમે-પુરૂષો, કોઇ એક સુંદર સ્ત્રીને જોતાંની સાથે જ કામાંધ બની તેની પાછળ દોડવા લાગી જાઓ છો! પતંગીયાની માફક રૂપ-અગ્નીમાં ભસ્મીભૂત બની જાઓ છો. તમે કોઇ એક નવીન સુંદર કન્યાને તેના માત-પિતાના ખોળામાંથી ઝુંટવીને લઇ આવો છો કે તુરત જ તમારા ઉપર સંપૂર્ણ પ્રેમ રાખવાની અને તમારી વિષય-લાલસાઓને તાબે થવાની આજ્ઞા ફરમાવી દો છો! તે કન્યા તમને ચાહે છે કે નહીં, તે કન્યા તમારી દાસી થવા ઇચ્છે છે કે નહીં તેનો વિવેક કરવા જેટલો પણ તમને અવકાશ મળતો નથી. જાણે કે સ્ત્રીજાતિને હૃદય, ઇચ્છા કે ધર્મભાવના જેવું કાંઇ હોવું જ ન જોઇએ એમ તમે લોકો માની બેઠા છો. + + + + એટલું ચોક્કસ માનજો કે

સ્ત્રીઓ જન્મ-જન્માંતરને માટે પુરૂષોની દાસી બની રહે એવો પરમાત્માનો સંકેત કદાપિ ન હોઇ શકે. પુરૂષોની શય્યા-સહચરી રૂપેજ નારીઓ પોતાનું જીવન પૂર્ણ કરે એવો અન્યાયી આદેશ તો વિધાતા પણ ન દઈ શકે. તમે શાસ્ત્રનું પ્રમાણ કદાચ રજુ કરશો. હું કહું છું કે શાસ્ત્રો કોણે બનાવ્યાં છે? પરન્તુ એ વાતને અત્યારે જવા દો. આ ખરીદાયેલા શરીરથી જો સંતુષ્ટ રહેતા હો તો ભલે, શરીર તમારૂં છે, પણ શરીરની સાથે મારૂં હૃદય તો તમને નહીં મળે."

સખી? શાંતનુ અને સત્યવતીના સંવાદનો માત્ર થોડોજ ભાગ તારી પાસેં રજુ કર્યો છે. એ ઉપરથી તું જોઇ શકશે કે પૂર્વના જમાનાની સ્ત્રીજાતી કેટલી સત્યપ્રિય-સત્યવક્તા તથા સત્યનિષ્ઠ હતી. તને સત્યવતીના ભાષણમાં ક્વચિત્ કઠોરતા અને તિવ્રતા જેવું લાગશે. પરંતુ માત્ર શબ્દો ઉપર જ દ્રષ્ટિ નહિં રાખતાં એ શબ્દોની પાંછળ-સત્યવતીના મનમાં ઉગ્ર નારીત્વનો જે પ્રબળ વેગ વહી રહ્યો હતો તેજ આપણે તો લક્ષમાં લેવાનો છે. સ્ત્રી-જાતિ માત્ર રમણી, કામિની અને ભોજ્યાઓની જ બનેલી નથી; એ સત્ય, સરલ રીતે તારા અંતરમાં ઉતારવા માટે મેં ઉપર ટાંકેલા ઉતારાઓનો આશ્રય લીધો છે. માતૃત્વ પ્રાપ્ત કરવું અર્થાત્ સંતાનોની માતા હોવું એ એક

પ્રકારનું સદ્‌ભાગ્ય છે, પરંતુ સંખ્યાબંધ કંગાળ સંતાનોની માતા બનવા કરતાં એક વીરપુત્રની માતા બનવામાં શું વધારે સદ્‌ભાગ્ય નથી ? પ્રથમની વીર-રમણીઓ જેવી રીતે પોતાના કાયર પતિઓને પ્રસંગોપાત કહેતી કે-" હું તમારા જેવા બીકણ અને પામર પુરૂષની પત્ની તરીકે જીવવા કરતાં એક વીર પુરૂષની વિધવા તરીકે જીવવામાં અધિક સૌભાગ્ય અને માન સમજું છું, " તેવીજ રીતે આપણા પુત્રોને વીરત્વવાળા–ચારિત્ર્યવાળા બનાવી માતૃપદ અને પત્નીપદની મહત્તા વધારવી જોઈએ. પરંતુ તે સઘળું ચારિત્ર્યબળ વિના અસંભવિત છે. માતા બનવાનો લોભ સંયમમાં રાખવો જોઇએ. આહાર–વિહાર અને વિલાસ આદિ વ્યવહારો ઉપર યથાશક્તિ અંકુશ મુકવો જોઈએ. આપણી બ્હેનો પરમ ચારિત્ર્યવતી, સદ્‌ગુણી, બળવતી બને અને તેની અસર નીચે આખું કુટુંબ એ દિવ્યતાના તેજથી પ્રકાશમાન થાય એજ એક માત્ર મારી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે. એ પ્રાર્થનાને સફળ બનાવવા તું કાંઇ સહાય આપી શકશે, વ્હાલી સખી ?

આરોગ્ય.

(૪)

પ્રિય સખી! આત્મભાન, ગૃહરાજ્ય અને સંયમ આદિની ચર્ચા વાંચી તને કદાચ કંટાળો આવ્યો હશે. આજે કંઇક વ્યવહારૂ સૂચનાઓ આપવાની તક લેવી, એમ ધારીને આ પત્ર લખવાની શરૂઆત કરી છે.

હું એકવાર કહી ગઇ છું કે આપણે કુદરતી જીવનથી ઘણા પછાત રહી ગયા છીએ. મતલબ કે કુદરતના રાજ્યમાં વસવા છતાં કુદરતના નિયમો પાળવાનું આપણે બીલકુલ લક્ષ રાખ્યું નથી. કુદરતે આપણને સૌને જેટલી જોઇએ તે કરતાં પણ અધિક હવા મફત આપેલી છે, છતાં આપણે એવા મકાનોમાં પડયા રહેવાનું પસંદ કરીએ છીએ કે જ્યાં કુદરતની ઉદારતા આપણા માટે લગભગ નિરર્થક જેવી જ બની જાય છે. હવાની બાબતમાં કુદરત જેમ ઉદાર છે તેમ પ્રકાશની બાબતમાં પણ તેટલી જ ઉદાર છે. આ બે મહત્વની—જીવનદાયક વસ્તુઓ અનાયાસે પ્રાપ્ત થઇ શકે એવી છે. છતાં આપણે આપણી અજ્ઞાનતાને લીધે તેનો પુરતો લાભ લઈ શકતાં નથી એ આપણું મ્હોટામાં મ્હોટું દુર્ભાગ્ય છે. આપણે જ્યારે આપણી કોઇ એક બ્હેનને ખુલ્લી હવા અને પ્રકાશના ગુણો વર્ણવી બતાવીએ છીએ ત્યારે તે આપણી વાતને ઘણું કરીને હસી કહાડે છે. કેટલીક બ્હેનો તો ખોટી લોક-

લાજને લીધે હવા-અજવાળાના પુરતા લાભથી બે-નસીબ રહે છે. પરિણામ એ આવે છે કે એવી બેદરકારીને લીધે અનેકાનેક બ્હેનોને દુઃખ-દર્દના અને આધિ-વ્યાધિઓના પંજામાં સપડાઇ રીબાઇ-રીબાઇને અકાળે જીવન-લીલા સંકેલી લેવી પડે છે. પ્રિય બ્હેની ! આ બાબત એવી મહત્વની છે કે તે વિષે ખાસ પુસ્તકો અને વ્યાખ્યાનો આપી શકાય. પરંતુ મારે આજે આ પત્રમાં એવી ઘણીએક અગત્યની બાબતો હાથ ધરવાની હોવાથી વધારે લંબાણ કરતી નથી.

આપણી તંદુરસ્તી બગડવાનું કારણ ખાન-પાન સંબંધીની બેદરકારી છે. આપણે ખાવા-પીવાની બાબતમાં હદ ઉપરાંત દોષો કરીએ છીએ એ વાત કબુલ કર્યા વિના ચાલતું નથી. આપણને નિત્ય નવા નવા સ્વાદો લેવાનું મન થાય છે, પણ અયોગ્ય માર્ગે વહી જતાં મનને રોકી રાખવા જેટલું સંયમબળ નહીં હોવાથી, તેમજ પ્રકૃતિ અને વૈદક સંબંધી વિષયોથી છેક અનભિજ્ઞ હોવાથી આપણી રસવૃત્તિ-આપણી જીભ્હેંદ્રિયની લોલુપતા આપણને પ્રાણઘાતક થઇ પડે છે. અમુક ચીજ ખાવાથી અમુક અવસ્થામાં આપણા શરીરમાં તેની શી અસર થશે એ બાબતની આપણે દરકાર કરતા નથી. દાખલા તરીકે ઉધરસ થઇ હોય તે છતાં કાચાં કરમદાં કે પાકેલા બોર વિગેરે ખા-

વાનો શોખ આપણાથી મુકી શકાતો નથી. તાવ આવ્યો હોય તો પણ દહીં–છાશ કે આમલીનો સ્વાદ મુકી શકાતો નથી. ઝાડો થયો હોય છતાં લાડવા–લાપશી કે શીરો ખાવાનો લોભ કાબુમાં રહેતો નથી. આ ઉપરાંત સ્વાદને ખાતર શાક–ભજીઆં–ઢોકળાં–રાઈતાં અને અથાણામાં મસાલા વાપરવાની બાબતમાં પણ આપણે હદ ઉપરાંતની ઉદારતા અને અજ્ઞાનતા બતાવીએ છીએ. બધી જાતના મસાલા બહુ તીવ્ર અસર કરનારા હોય છે એ વાત આપણી બ્હેનોએ ખાસ લક્ષમાં રાખવાની છે. મસાલાઓ જલદીથી પચી શકતા નથી. વળી જ્યાં બે આની ભાર જેટલા મસાલાની જરૂર હોય છે ત્યાં આપણી બ્હેનો એ રૂપીયાભાર મસાલાનો વ્યય કરવામાં પોતાનું ડહાપણ માને છે. આવી રીતના ખાન–પાન સંબંધી ગોટાળાઓને લીધે આપણને ઘણી જાતની પાયમાલીઓ વેઠવી પડે છે. આપણી લોભવૃત્તિ પણ આ બાબતમાં કેટલીક વાર વિનાશક બને છે. આપણે એમ માનીએ છીએ કે ખાવાનું ઘરમાં વધ્યું હોય તો તે નાખી કેમ દેવાય? આમ સમજીને ખીચડી, ભાત, કઢી, દાળ, શાક વગેરે જે કાંઇ ખાવાનું આગલા દિવસનું પડયું હોય તે બધું ખાઇ જઇએ છીએ, છોકરાંને પણ ખવાડી દઈએ છીએ. પરન્તુ આવા વાસી–બગડી ગયેલા ખાન–પાનથી આપણાં

અને બાળકોનાં શરીર ઉપર શું અસર થશે તેનો વિચાર કરતાં નથી. આપણી બીમારી અને દુર્બળતાનું આ બીજું કારણ છે.

આપણા શરીરોમાં રોગ થવાનું ત્રીજું કારણ ઇંદ્રિયોનાં સુખો ભોગવવામાં આપણી નિરંકુશ સ્વચ્છંદતા છે. ઇંદ્રિયો જેટલું કામ આપી શકે તે કરતાં વધારે કામ તેની પાસેથી લેવું એ એક પ્રકારનો શું અન્યાય નથી? ઇંદ્રિયો બિચારી આવા સંયોગોમાં ક્યાં સુધી વફાદાર અને કાર્યક્ષમ રહી શકે? નિરંકુશ સ્વચ્છંદતાને લીધે ઇંદ્રિયો બધી થાકી જાય છે અને પછી પોતાનું કાર્ય કરવામાં પ્રાયઃ ઉદાસીન અથવા સુસ્ત બની જાય છે. દાખલા તરીકે આંખમાં જોવાની શક્તિ રહેલી છે. પણ એ શક્તિ સીમાબદ્ધ હોય છે, તેનો ઉપયોગ અમુક સીમા પર્યંત અમુક નિયમોને અનુસરીનેજ થવો જોઈએ. પરન્તુ આપણે એ સીમા અને નિયમો પ્રતિ દુર્લક્ષ જ કરીએ છીએ. તેનું પરિણામ એ આવે છે કે આંખની શક્તિ પોતાનું કામ યથાપ્રકારે કરી શકતી નથી. જે ચીજો જોવાની આપણને જરૂર ન હોય તેવી ચીજો આપણે જોયા કરીએ છીએ, જે બાબતો સાંભળવાની આપણને આવશ્યકતા ન હોય એવી બાબતો પરિણામનો વિચાર કર્યા વિના સાંભળ્યા કરીએ છીએ, જે ચીજો સુંઘવાની અગત્ય ન હોય તે ચીજો મોજની ખાતર

સુંઘ્યા કરીએ છીએ, અને જેવી દુર્ગંધમાં ન રહેવું જોઇએ તેવી દુર્ગંધમાં સડ્યા કરીએ છીએ. વધારે અફસોસની બીના તો એજ છે કે આ બધી બાબતોને આપણે ભૂલ સમજતાં નથી પણ સુખજ સમજ્યા કરીએ છીએ. તેથી એવી બાબતોમાં ઇંદ્રિયોને રખડવા દઇએ છીએ અને તેની પાસે હદ ઉપરાંત કામ કરાવી થકવી નાખીએ છીએ. આથી ઘણી જાતના રોગો થાય છે. ઇંદ્રિય સુખોની પાછળ દોડયા કરવું એ મૃગજળની પાછળ દોડવાની બરાબર છે એમ શાસ્ત્રકારો કહી ગયા છે. આજનો જમાનો એ ઉપદેશ ભૂલી ગયો છે—આપણી બ્હેનો પણ તેમાં ઘણે અંશે જવાબદાર બની છે એ ખરેખર ખેદ ઉપજાવનારી બીના છે. હજી પણ એ બાબતમાં સાવચેત બનાય તો ઘણો લાભ થાય તેમ છે.

કેટલીક જાતના રોગો વંશપરંપરાની અસરોને લીધે પણ થાય છે. જેમ કે કેટલીક જાતના રોગ આપણા માબાપોને અગર દાદા પરદાદાઓને વળગેલા હોય છે તેની અસરો પણ આપણને ભોગવવી પડે છે. છતાં આવી બાબતો તરફ આપણે લક્ષ આપતાં નથી, અને આપણે ભયંકર રોગથી પીડાતાં હોઇએ છતાં લગ્ન દ્વારા પ્રજોત્પત્તિ કરી આપણા સંતાનોને વિના કારણે રોગનો વારસો આપી જઇએ છીએ. પ્રિય બ્હેની, તું વિચાર કર કે આના કરતાં

વધારે ખરાબી બીજી કઇ હોઇ શકે ? પોતાના વ્હાલાં બાળકોને કોઈ જાતની ઋદ્ધિ–સિદ્ધિ ન આપી શકીએ તો તે સંબંધે બહુ શરમાવાનું નથી, સદ્‌ગુણનો વારસો ન આપી શકીએ તો પણ તે કદાચ ક્ષંતવ્ય ગણાય, પરંતુ ઉલટો રોગનો વારસો આપી જવો અને પરમાત્માની આ સુંદર સૃષ્ટિમાં થોડાંક રોગી તથા માયકાંગલાં માણસોનો વધારો કરી જવો એ શું કોઇ રીતે માફ થઇ શકે તેમ છે ? યાદ રાખજે, બ્હેન ! કે પોતાના રોગોનો કે નિર્બળતાઓનો વારસો છોકરાંઓને આપી જવો એ કુદરતનો એક મ્હોટામાં મ્હોટો અપરાધ છે. એ અપરાધની શીક્ષા કુદરત, વ્હેલી કે મ્હોડી કર્યા વિના રહેતી નથી. આજે દેશમાં ચાલતા અસંખ્ય પ્રકારના વ્યાધીઓ, તથા ઉપસર્ગો વસ્તુતઃ એ અપરાધોની જ ગેબી સંજાઓ છે એમ હું નીઃસંકોચપણે કહી શકું છું. મારી પ્રથમ સલાહ તો એજ છે કે જે સ્ત્રી–પુરૂષો, નહિં મટી શકે તેવા દર્દોથી પીડાતાં હોય તેમણે પોતાનું લગ્ન કરવાનો વિચાર માંડી વાળવો જોઇએ. કદાચ લગ્ન થઈ ગયું હોય તો તેમણે પ્રજોત્પત્તિ ઉપર સખ્તમાં સખ્ત અંકુશ રાખવો જોઇએ. દુનીયામાં રોગી અને કંગાલ માણસો ઉમેરતા જવાની તમને કે મને કોઇને પરમાત્માએ સત્તા આપી નથી. આ નિયમનું ઉલ્લંઘન થવાથી આજે આપણો દેશ કેટલી જાતના દુઃખ–દર્દો

અને ઉપસર્ગોથી દબાઈ ગયો છે તેનું વિસ્તૃત વ-
ર્ણન આપી તારા દીલને હું દુભવવા માગતી નથી.
લગ્નમાંજ ખરૂં સુખ છે અને લગ્ન વિના તો નજ
ચાલી શકે એવી સમજને દેશવટો મળવો જોઈએ.
તેમાં પણ રોગી અને ખોડ-ખાંપણવાળા સ્ત્રી-પુરૂ-
ષોને માટે તો આ નિયમ ખાસ કરીને અમલમાં મુકા-
વો જોઈએ. મેં કેટલીકવાર જોયું છે કે એક રોગી કે
દુર્બળ માણસને કોઇ કન્યા ન મળતી હોય તો ગમે
તેમ કરીને, લાગવગ વાપરીને, પૈસાનો વ્યય કરીને
પણ એક કન્યાની ખરીદી કરે છે ત્યારેજ તેને નિ-
રાંત વળે છે. રોગી પુરૂષોને કન્યા અર્પણ કરનારા
સ્વાર્થી માબાપોને કેવા સખ્ત શબ્દોમાં ઠપકો આ-
પવો તે હું જાણુતી નથી. મને ખરેખર એવા માબાપો
માટે કવચિત્ ક્રોધ અને દયા પણ આવે છે. પરંતુ
એ વિષે આ પત્રમાં ઉલ્લેખ કરવો લગભગ નકામો
છે. મારૂં કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે રોગી સં-
તાનોની પેદાશ ઉપર કાબુ મુકવો જોઇએ. તેમાં મુ-
ખ્યત્વે કરીને ચારિત્ર્યબળ કિંવા મનોબળની સૌથી
અધિક આવશ્યકતા છે એ હું જાણું છું. આપણી
બ્હેનો જો આવું મનોબળ દાખવે તો આ વીરજનની
ભારતવર્ષ પુનઃ પોતાનું મુખ ઉજ્વળ કરી સંસારને
મુક્તિને માર્ગે દોરી જાય.

આજકાલ અગણિત પ્રકારના ચેપી રોગો આ-

સ્તિત્વમાં આવ્યા છે. દરેક રોગના ચોક્કસ પ્રકારના જંતુઓ હોય છે એ વાત આપણે પાશ્ચાત્ય વિદ્યાના પ્રભાવથી કંઈક કંઈક સમજવા લાગ્યા છીએ. ચેપી રોગોના સંબંધમાં મને એટલું તો ચોક્કસ લાગે છે કે જો વિજાતીય પરમાણુઓ તથા રોગના જંતુઓ જીરવવાની આપણા દેહમાં સંપુર્ણ શક્તિ હોય, જીવની શકિત આપણા અંગમાં રૂંવેરૂંવે વ્યાપી રહી હોય તો તે જંતુઓ તથા પરમાણુઓ આપણી ઉપર બહુ અસર કરી શકતાં નથી. જેમના શરીરમાં રોગના જંતુઓ જીરવવાની તાકાત નથી હોતી તેમને એવા રોગો જોત જોતામાં લાગુ પડી જાય છે. આ બાબત બહુ સ્પષ્ટ રીતે સમજાવવા માટે મારે તને જણાવવું જોઈએ કે આપણા શરીરમાં, કુદરતી રીતેજ, કોઇ પણ જાતના રોગની સામે થઇ શકે એવા કરોડો પરમાણુઓ રહેલાં હોય છે. જ્યારે કોઈ પણ જાતનો રોગ આપણા ઉપર હુમલો કરે છે ત્યારે અથવા બહારથી શરીરની અંદર રહેલાં રોગ નાશક પરમાણુઓ પેલા રોગના પરમાણુઓ સામે યુદ્ધ સંગ્રામ શરૂ કરે છે ત્યારે પરિણામે જે જાતનાં પરમાણુઓ વધારે બળવાન હોય છે તે ફાવી જાય છે. આ ઉપરથી સમજવાનું કે જે માણસનું શરીર બહુ તંદુરસ્ત હોય, જેનામાં બ્રહ્મચર્યનું બળ હોય અને જેનું ચારિત્ર-બળ પ્રખર હોય તેવા માણસનું શરીર રોગના પર-

માણુઓની સામે સહેલાઈથી ટક્કર ઝીલી શકે છે. મતલબ કે તેમને કોઇપણ જાતના રોગો સહેલાઇથી લાગુ પડી શકતા નથી. એથી ઉલટી રીતે જોઇએ તો જે માણસનું શરીર બહુ નબળું હોય, જેનું મન બહુ નિરાશ અને નિર્બળ બની ગયું હોય અને જેણે ફોગટની ચિંતાઓ અને હાય–વરાળો કરી પોતાની શક્તિઓ ગુમાવી દીધી હોય તેમજ અતિશય વિષયો ભોગવી ભોગવીને જેણે પોતાનું શરીર સાવ જીર્ણ કરી નાખ્યું હોય તે માણસના શરીરમાં રોગને જીરવે એવાં જન્તુઓનું બળ હોતું નથી. તેથી કોઇ પણ જાતનો રોગ એવા નિર્બળ માણસની ઉપર બહુ જલદીથી હુમલો કરી શકે છે. અને એમ બને એ સર્વથા સ્વાભાવિક જ છે. ડારવીન કહી ગયો છે કે દુર્બળ માણસને આ જગતમાં જીવવાનો અધિકાર જ નથી. સબળ માણસ જ આ વિશ્વમાં જીવવાને લાયક છે. કુદરત એ કઠોર નિયમનું પ્રતિ પદે પાલન કરી રહી છે. હવે, તું સમજી શકી હશે કે આપણાં શરીરો નિર્બળ થયેલાં છે તેથી જ રોગના પરમાણુઓ અથવા જંતુઓ બહુ સહેલાઇથી પોતાનો પ્રભાવ જમાવી શકે છે. રોગોથી બચવાની ખરી ચાવી મને પૂછે તો હું થોડા શબ્દોમાં માત્ર એટલું જ કહીશ કે રોગના પરમાણુઓ સામે ટકી શકે એવાં આપણાં શરીર મજબૂત બનાવવાં જોઇએ, અને એવી મજ-

બૂતી પ્રાપ્ત કરવા માટે કુદરતના નિયમોને અનુસરી જીવન ઘડવું જોઈએ.

પ્લેગ–કોલેરા તથા મેલેરીયા જેવા કેટલાંક દર્દો વાતાવરણમાં મ્હોટો ફેરફાર કરી દે છે. આપણી આસપાસનું વાતાવરણ હંમેશા સ્વચ્છ અને આરોગ્યમય રહે તેવો આપણે પ્રયત્ન કરવાનો છે. સારા શહેરોની મ્યુનીસીપાલીટીઓ જેવી રીતે શહેરની સ્વચ્છતા અને રોગચાળા માટે થોડે ઘણે અંશે જવાબદાર રહે છે તેવી જ રીતે આપણી બ્હેનો પણ ગૃહની સ્વચ્છતા અને આરોગ્યમયતા માટે જવાબદાર છે. જો દરેક ગૃહિણી પોતાના ગૃહની અને આસપાસના વાતાવરણની બરાબર કાળજી રાખે તો પ્લેગ–કોલેરા અને મેલેરીયા જેવા દર્દો આંખના પલકારામાં અદૃશ્ય થઇ જાય. કેટલીકવાર, આપણે જે કુવામાંથી પીવાનું પાણી કાઢતા હોઈએ છીએ તે કુવામાં કોલેરાના જંતુ દાખલ થઇ જાય છે અને તે જંતુઓ ધીમે ધીમે આખા ગામમાં ત્રાસ વર્તાવી દે છે. આપણે એવા ઉપદ્રવોને કોઇ દેવ–દેવી કે માતાનો ક્રોધ સમજી અનેક પ્રકારની માનતાઓ અને બાધાઓ રાખીએ છીએ. પરંતુ તેથી જેવું જોઈએ તેવું સંતોષકારક ફળ ફળતું નથી. આવે વખતે તો પાણી અને ખાદ્ય સામગ્રીની બારીકાઈથી તપાસ કરી જેમ બને તેમ કોલેરાના જંતુઓથી દુર રહેવાનો પ્રયત્ન

કરવો જોઇએ. કેટલાક ગામોમાં " વાળા " ના સેંકડો દર્દીઓ જોવામાં આવે છે. આનું કારણ એ હોય છે કે તે લોકો જે કુવા વિગેરેનું પાણી વાપરતા હોય છે તે દૂષિત હોય છે. મચ્છરોનું જ્યાં બહુ જોર હોય છે ત્યાં મેલેરીયાની ધાસ્તી રાખવામાં આવે છે. પ્લેગના વખત પ્લેગના જંતુઓ ઉંદરો અને મચ્છરોની દ્વારા ફેલાય છે એમ અત્યારનું વિજ્ઞાન કહે છે. આવા સંયોગોમાં કેવળ બાધા આખડી કે વ્હેમો પાછળ સમય અને શક્તિનો વ્યય નહીં કરતાં મૂળ દોષો દૂર કરી આપણા સંતાનો અને કુટુંબીયોના જાન-માલનું રક્ષણ કરવું જોઇએ.

મનની નબળાઈ એ પણ કેટલીકવાર રોગોને ખેંચી લાવે છે. અત્યારે આપણી કરોડો બ્હેનોની સ્થિતિ એવી ખરાબ છે કે તેઓ જરા પણ મનની મજબૂતી રાખી શકતી નથી, અને એને લીધે અનેક પ્રકારના રોગોના પંજામાં સપડાઈ જાય છે. મન અને શરીરને પરસ્પરમાં કેવો ઘાટો સંબંધ છે એ વાત હું આગળ એક પત્રમાં જણાવી ગઇ છું. નબળાં મનવાળાં મનુષ્યોને ઘણા ધક્કાઓ લાગે અને એ ધક્કાઓ વિનાશકારક પરિણામ ઉપજાવે એ તદ્દન બનવાજોગ છે. નિર્બળ મનવાળા માણસો સામાન્ય આઘાતને પણ ગંભીર આઘાત માની લઇ કલ્પિત ત્રાસથી પોતાની જાતને સવિશેષ દુર્બળ બનાવી દે

છે. મન જો ઢીલું પડી ગયું હોય છે તો તે ઢીલું મન અનેક રોગોને ખેંચી લાવે છે. એટલા માટે જો રોગોથી બચવું હોય, લાંબુ આયુષ્ય ભોગવવું હોય, તો હું તને પુનઃ પુનઃ કહું છું કે મનને ગમે તેવા આપત્તિ અને ભયના સમયમાં પણ ઢીલું પડવા દઇશ માં, તું અને તારી પરિચિત બ્હેનપણીઓ દ્રઢ મનોબળવાળી થાય એજ મારી અંતરની એક માત્ર પ્રાર્થના છે.

રોગ થવાનાં કારણો જ જ્યારે હું તારી પાસે ગણાવવા બેઠી છું, ત્યારે સોબતને પણ મારે ભૂલી જવી ન જોઈએ. સોબત પણ જીવન ઉપર બહુ સ્થાયી અસર નીપજાવે છે. આપણા દેશમાં ઘણા માણસોને અને તેમાં પણ આપણી બ્હેનોને તો ઘણી હલકી સોબતમાં રહી દીવસો નિર્ગમવા પડે છે. ઉંચી પ્રકૃતિવાળાં સ્ત્રી–પુરૂષોના સહવાસ અને પરિચયનો લાભ તો કવચિત જ તેમને મળી શકે છે. બાકી તો હલકી જાતના નોકરો અને નકામી કુથલી કરવામાં નિપુણ એવી પાડોશણોની સાથે જ તેમનો ઘણોખરો વખત નિંદાઓ અને વિકથાઓમાં પસાર થઈ જાય છે. આવા સંયોગોમાં ઉચ્ચ સંસ્કાર કે પવિત્ર ભાવનાઓની આશા ક્યાંથી રાખી શકાય ? સારી સોબત વિના પુસ્તકોનું શિક્ષણ કે બે ઘડીનો ઉપદેશ તેમના અંતઃકરણમાં શી અસર કરી શકે ? આપણી બ્હે-

નોનો મ્હોટો ભાગ હલકા નોકરો અને વ્હેમોને પોષે એવા ધુર્ત્ત ધર્મઢોંગીઓના પરિચયમાં વિશેષે કરીને આવે છે. એનું પરિણામ શું આવે એ કહેવા કરતાં કલ્પી લેવું વધારે સરલ થઈ પડશે. તે સિવાય અતિશય અવકાશને લઇને મંદવાદ અને દુઃખ-દર્દની કથાઓના અતિશયોક્તિવાળા વર્ણનો આપણા કાને આવ્યા કરે છે, આથી નબળા મનવાળી આપણી વ્હેનો ઉપર તેની બહુ માઠી અસર થવા પામે છે. જો કે તને મારી વાતમાં કિંચિત્ અતિશયોક્તિ જેવું લાગશે, પણ વિચાર અને વાતાવરણની મનુષ્યના મન ઉપર થતી અસરોનો જો તું અભ્યાસ કરશે તો તને જણાશે કે મારી આ વાતમાં કૃત્રિમતાનો અંશ સરખો પણ નથી.

બાળલગ્ન અને વિલાસપ્રિયતાને લીધે રોગોને વૃદ્ધિ પામવાનું કેવું સારૂં ક્ષેત્ર મળી ગયું છે એ વિષે અહીં હું વિસ્તાર નહીં કરી શકું. આ દેશ સતી સીતા, દ્રૌપદી અને સાવિત્રીનો છે અને તેનીજ આપણે પુત્રીઓ છીએ એ વાત જ્યાં ભૂલાઈ જાય ત્યાં અઘટિત લગ્નો અને વિલાસિતાને સ્થાન મળે એમાં કાંઈ આશ્ચર્ય નથી. બાળલગ્નથી આપણા શારીરિક અને માનસિક બંધારણોને કેટલો આઘાત લાગ્યો છે તે સહુ કોઇ જાણે છે. છતાં એ રાક્ષસી રીવાજોની મોહજાળમાંથી આપણે છુટી શકતા નથી. આપણે જોઇએ છીએ કે બાળલગ્નના પરિણામે અ-

સંખ્ય બાળાઓ યૌવનમાં પગ મુકતાં જ માતૃપદ ધારણ કરી પોતાના દેહને અગણિત રોગોનું નિવાસ-સ્થાન બનાવી દે છે. માનસિક સંતાપોથી દેહ અને અંતરને બાળી ભસ્મીભૂત કરતી અને ઉષ્ણ નીશ્વા-સથી વાતાવરણને સંતપ્ત કરતી સેંકડો અબળાઓ ચિરશાંતિ પ્રાપ્ત કરવાની આશાથી આ સંસારનો ત્યાગ કરી સદાને માટે ચાલી નીકળે છે. આપણે જાણીએ છીએ કે કાચાં ફળો અકાળે તોડી લેવાથી તેમજ પરાણે પકવવાથી તેનું પરિણામ સારૂં આ-વતું નથી. કારણ કે તેમ કરવું એ કુદરતી નિયમને અનુકૂળ નથી. છતાં આપણાં કોમળ અને ઉછરતાં બાળકો અને બાળિકાઓને અકાળે માતૃપદ આપ-વાથી કેવું પરિણામ આવશે તેનો સંપૂર્ણ ખ્યાલ કરી શકતા નથી. ખ્યાલ કરી શકતા હોઇએ તો પણ તે રૂઢીથી મુક્ત થવાનું સામર્થ્ય દાખવી શકતાં નથી. આપણા આર્ય સંસારનું આ એક મ્હોટું દુર્દૈવ છે. એ વિષે જો લખવા બેસું તો પાનાનાં પાનાંઓ ભરાય; પરન્તુ એ દેખીતા દુરાચાર ભણી આંગળી કરવા સિવાય વિશેષ હું કાંઇ કરતી નથી. તેનું કારણ એ છે કે તું જ્યારે મારી સખી હોવાનો દાવો ધરાવે છે તો પછી આ રાક્ષસી રૂઢીની દુષ્ટતા તું ન જાણે એમ હું માની શકતી નથી. આ બે દોષો, પ્રભુ જાણે, આ-પણા સંસારમાંથી ક્યારે દુર થશે ?

મનની નબળાઈ એજ સર્વ પાપોનું મૂળ હોય છે એમ વિદ્વાનો કહે છે. નબળું મન અવકાશ મળતાં અનેક પ્રકારના ઘોડા ગંઠ્યા કરે છે, વિચિત્ર જાતના તરંગો અને ચિંતાઓ કરી નકામી હાયવોય કર્યા કરે છે. આપણી જાતિ, સ્વભાવથી જ અબળા ગણાય છે, આપણને અતિશય ચિંતાઓ અને વિકલ્પો કરવાની જે ટેવો છે તે ઘણું કરીને મનની આ નબળાઇના જ ફળરૂપ હશે. આપણે સૌ વિના કારણે જે અતિશય માનસિક ચિંતાઓ ભોગવ્યા કરીએ છીએ તેને લીધે પણ અનેક જાતના વ્યાધીઓ જન્મ પામે છે. આપણે જે વાતની ફીકર કરવાની બીલકુલ જરૂર ન હોય એવી વાતોની પણ ફીકર કર્યા કરીએ છીએ; જે વાત આપણી સત્તાની બહારની હોય, જેની સાથે આપણે બહુ સંબંધ ધરાવતા ન હોઈએ તેવી બાબતોને પણ મગજમાં ભરી રાખી ખાલી લોહીનું પાણી કરીએ છીએ. આનું પરિણામ એ આવે છે કે આપણા મગજ ઉપર ઘણી જાતનો નકામો બોજો પડે છે અને એ બોજો આપણા હૃદયને દાબી દે છે. મનુષ્યનું મન ચિંતાઓથી સર્વથા તો મુક્ત ન જ રહી શકે અને ચિંતા વિનાનું માનવી એક પ્રકારે પશુવત્ જ હોય છે એ હું સારી પેઠે જાણું છું. હું અહીં નિરર્થક ચિંતાઓ વિષે જ તારૂં લક્ષ ખેંચવા માગું છું. “ લોકો શું કહેશે ? ” “ અમુક ભાઇ કે અમુક

બ્હેનને શું લાગશે ?" "અમુકનું શું પરિણામ આ-વશે ?" એવી એવી અનેક ફીકરો આપણા ખાલી મનોમંદિરમાં ભૂતની માફક ધસી આવે છે. ડોકટરો કહે છે કે ફીકરના જંતુઓ ઘણુંખરૂં ક્ષયના જંતુ-ઓને જ મળતા હોય છે. આ જંતુઓ કાળજું કોરી ખાય છે, ભૂખને મંદ બનાવી દે છે, લોહીને સોષી લે છે, બુદ્ધિને બુઠ્ઠી બનાવી દે છે, ઇંદ્રિયશક્તિને શિથિલ બનાવી દે છે અને વૃદ્ધાવસ્થાને ખેંચી લાવે છે. બહુ ફીકરને લીધે પ્રથમ મગજ તપી જાય છે, તેથી માથું દુઃખે છે, જ્ઞાનતંતુઓને વધારે કામ કરવું પડતું હોવાથી ધીમે ધીમે તે નબળાં પડતાં જાય છે. તેમાંથી છેવટે હીસ્ટીરીયા જેવા રોગો ઉત્પન્ન થાય છે. મારી કહેવાની મતલબ એટલી જ છે કે નકામી ચિંતાઓ અને હાયવોયોને લીધે રોગોને શરીરમાં દાખલ થ-વાનો રસ્તો ખુલ્લો થઇ જાય છે અને ત્યાં પછી અનુ-કૂળ ક્ષેત્ર મળવાથી એ રોગો વૃદ્ધિ પામી આપણા ઇહલોક અને પરલોકને વ્યર્થ બનાવી દે છે. જો આપણી અસંખ્ય બ્હેનોને વિવિધ વ્યાધીઓમાંથી બચાવવી હોય, તો સૌ પ્રથમ તેમને પોતાના વિતર્કો અને ચિંતાઓ ઉપર કાબુ મેળવતાં શીખવવું જોઇએ. જયાં સુધી આપણી બ્હેનો ઉચ્ચ વિચાર અને અભ્યાસાદિકમાં સંપુર્ણ રસ લેતી ન થાય ત્યાં સુધી એ ચિતાઓ રૂપી ભૂતોથી મુક્ત રહી શકે એ અસં-

ભવિત છે. મારી તો તને એ જ સલાહ છે કે જ્યારે જ્યારે તારૂં મન નિરર્થક ચિંતાઓ કરવા લાગે ત્યારે ત્યારે ઉચ્ચ કોટીના પુસ્તકોના વાંચન કે મનનમાં મનને રોકી રાખવાનો પ્રયત્ન કરવો. આથી પેલી ચીતા સમાન ચિંતા તારાં–દેહ મનને પ્રજાળી શકશે નહીં.

આજકાલ ધર્મનું બળ બહુજ ઓછું થઇ ગયું છે. ધર્મ અને આરોગ્યને કેવો નિકટનો સંબંધ છે તે હું આગળના એક પત્રમાં જણાવી ચુકી છું. જેનાં હ્રદયમાં ધર્મનું બળ હોય છે, જેનો આત્મા શ્રદ્ધાથી દ્દઢ અને અચળ બન્યો હોય છે તેઓને એમ જ લાગે છે કે અમારો આત્મા અમર છે, અમારો સંબંધ આ ક્ષણભંગુર–જડ જગત્ સાથે નહીં પણ અનંતતાની સાથે છે. આવા આત્માને જગતની કોઇ પણ ઘટના હેરાન કરી શકતી નથી. તેઓ સંસારના મહા ભયંકર તોફાનોની મધ્યમાં પણ સ્થિર અને નિશ્ચિંતજ રહે છે. કારણ કે તેઓ જાણતા હોય છે કે આ શરીર કરતાં આત્મા જુદો છે. શરીર તો માત્ર તેને થોડો વખત વીસામો લેવાની એક ધર્મશાળા છે. આ પ્રમાણે ધર્મના બળથી જેને આત્માનું રૂપ ઓળખાઇ જાય, તે માણસ કાંઈ દેહનાં દુઃખોમાં પીડા માને નહીં. પારબ્ધયોગે એવાઓને કાંઇ દુઃખ થયું હોય તો પણ એ દુઃખથી તેઓ હિંમત હારી જાય નહીં. આત્મશ્રદ્ધા રાખવાથી ઘણી

જાતના રોગો અને શોકો પોતાની મેળે ઓછા થઇ જાય છે. જેઓ દુઃખ વિષે વધારે વધારે વિચારો કર્યા કરે છે તેમની ઉપર દુઃખનું દબાણ પણ હંમેશ વધતું જ જાય છે એમ આપણે ઘણીવાર વ્યવહારમાં જોયું છે. આથી ઉલટું જેઓ આત્માના બળ અને વૈભવ સંબંધીજ વિચારો કર્યા કરે છે તેમને સંસારના દુઃખ-શોક કે ચિંતાઓ બહુ અસર કરી શકતાં નથી. બ્હેન ! એટલું યાદ રાખજે કે જ્યાં ધર્મનું બળ હોય છે ત્યાં રોગો બહુ ફાવી જઈ શકતા નથી. રોગોથી બચવું હોય તો ધર્મ અને આત્માનું શરણ લેવું એ મારી તને મુખ્ય ભલામણ છે. તે ઉપરાંત રોગોને અટકાવવાની યુક્તિઓ પણ આપણે જાણી લેવી જોઇએ. આપણાં રોગોના કારણો તથા તે સંબંધી ઉપાયોનું આપણે પોતેજ યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી લેવું જોઈએ. નાની નાની બાબતો માટે ઘડીએ ઘડીએ બીજાને પૂછવા જવું એના કરતાં પોતે જરૂર જેટલું જાણી લેવું એ વધારે સારી વાત છે. આજ કાલ આપણા ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીયોપયોગી અનેક પુસ્તકો પ્રકટ થાય છે તેમાંના યોગ્ય ગ્રંથો મેળવી, તેનો અભ્યાસ કરી આપણી બ્હેનોને દુખઃમુક્ત કરવાનું આપણે લક્ષમાં રાખવું જોઇએ. જો એમ કરીએ તોજ આપણું જ્ઞાન સ્વ-પરને ઉપયોગી થઇ શકે. હું આ પત્રમાં એ વિષે વધુ કાંઈ ન લખતાં માત્ર

આરોગ્ય વિષયક ઉપયોગી પુસ્તકના વાંચન તરફજ તારૂં લક્ષ ખેંચી વિરામ લઉં છું.

સંતાનશિક્ષા.

(૫)

પ્રિય સખી ! આરોગ્યના સંબંધમાં હું સામાન્ય સૂચનાઓ આગલા પત્રમાં આપી ચૂકી છું, તે ઉપરાંત વૈદ્યક સાહિત્યના અભ્યાસની આવશ્યકતા પણ દર્શાવી ચુકી છું. આ પત્રમાં હું સંતાનશિક્ષા તથા સંતાનચારિત્ર વિષે બે શબ્દો કહેવા માંગું છું.

ઉચ્ચપદની અભિલાષા તો સૌ કોઇને હોય, પરંતુ એ પદની જવાબદારી અને જોખમદારીનો ખ્યાલ સહુ કોઇને ન હોઈ શકે. માતૃપદ એ જગતમાં સૌથી મહાન્ પદ છે. તેની સાથે તેની જોખમદારી પણ મહાન્ છે એ મહત્વની વાત યાદ રાખવાની છે. જો કે આ પત્રનો વિષય કદાચ તને કંટાળાભર્યો લાગશે તો પણ સંતાનના કલ્યાણાર્થે આપણે કંટાળાના કડવા ઘુંટડા પણ ગળે ઉતારી જવા જોઇએ.

ગૃહ એજ મનુષ્યોનું મુખ્ય વિદ્યાલય છે, માતા એ વિદ્યાલયની મુખ્ય શિક્ષિકા છે. માનવ-હૃદયના સઘળા ગુણો તથા દોષોના બીજો આ જ વિદ્યાલયમાં રોપાય છે. એક વિદ્વાન્ કહે છે કે એક સુશિક્ષિત

માતા સો શિક્ષકો કરતાં પણ વધારે છે. વસ્તુતઃ શાળામાં જે કાર્ય સો શિક્ષકોથી ન થઇ શકે તે કાર્ય એક ગૃહમાં માતા ઘણી સહેલાઈથી કરી શકે છે. ઇતિહાસ તરફ દ્રષ્ટિ કરવાથી જણાશે કે જગદ્વિખ્યાત મહાપુરૂષોની મહત્તા મ્હોટે ભાગે તેમની માતાઓના શિક્ષણ, ઉપદેશ અને ચારિત્રને જ આભારી હતી. તેમની સ્નેહમયી માતાઓએ જે સદ્‌ગુણો તેમને સ્તનપાનની સાથે આત્મામાં ઉતારી દીધા હતા તેજ સદ્‌ગુણોના પ્રતાપે તેઓ જગત્‌માં અમર કીર્ત્તિ પ્રાપ્ત કરી ગયા છે.

ખરેખર, માતાનું પદ બહુ જ ગૌરવવાળું છે. જે જાતિ માતૃપદની મહત્તા સમજી તેની સાર્થકતા કરવા કટિબદ્ધ થાય છે તે જાતિ અનેક ધીર-વીર-જ્ઞાની અને સચ્ચરિત્ર પુરૂષોનો જન્મ આપી સંસારને સ્વર્ગતુલ્ય બનાવી શકે છે. તેથી ઉલટું માતાના દોષને લીધે સંતાનોનું જ્યાં અનિષ્ટ થતું હોય, પરિવારના દોષને લીધે સંતાનોનું જીવન જ્યાં કલંકિત થતું હોય અને સામાજીક દોષોને લીધે સંતાનોનું જ્યાં અધઃપતન થતું હોય ત્યાં સંસાર નર્કનું સ્વરૂપ ધારણ કરે એમાં કાંઇ આશ્ચર્ય નથી. જેવી રીતે માતાના ગર્ભમાં સંતાનનું રક્ષણ થાય છે અને માતાના દૂધથી પોષણ થાય છે. તેવીજ રીતે માતાના દૃષ્ટાંતથી સંતાનનું ચારિત્ર પણ સંગઠિત થાય

છે. માતા જ બાળકની મુખ્ય શિક્ષિકા છે એમ જે કહેવાયું છે તેમાં મને તો લેશમાત્ર પણ અતિશયોક્તિ નથી લાગતી.

એક દિવસે એક માતાએ પોતાના ધર્મગુરૂને પ્રશ્ન કર્યો કે—" ગુરૂદેવ! મારે મારા આ પ્રિય બાળકને શિક્ષણ આપવાની શરૂઆત કયારે કરવી, તે કૃપા કરીને મને જણાવશો ? " ઉત્તરમાં ગુરૂએ સહેજ નિરાશા સાથે જણાવ્યું કે—" ભદ્રે ! જો અત્યાર સુધીમાં તમે તમારા પુત્રને શિક્ષણ આપવાનો કાંઇજ પ્રયત્ન ન કર્યો હોય તો મારે દીલગીરી સાથે કહેવું પડશે કે આ બાળકના અતિ મુલ્યવાન ચાર વર્ષ તમે વ્યર્થ જ ગુમાવી દીધાં છે. એ દોષને માટે તમારે પશ્ચાતાપ કરવો જોઇએ. બાળક જ્યારે પથારીમાં પડયું પડયું માતાના મુખ તરફ નીહાળી હસવાનું અને રમવાનું શરૂ કરે તેજ વખતે માતાએ અતિ સ્નેહ પૂર્વક શિક્ષણ આપવાનું કર્તવ્ય સંભાળી લેવું જોઇએ. શિક્ષણનો ખરેખરો સમય એજ છે. "

શિક્ષણ પ્રણાલી મુખ્યત્વે બે પ્રકારની છે. એક દ્રષ્ટાંતવાળી અને બીજી ઉપદેશવાળી. આ બે પ્રણાલિઓમાં મને તો પ્રથમની પ્રણાલીજ વિશેષ ઉપકારી અને ઉપયોગી જણાય છે. મનુષ્ય માત્ર જન્મતાની સાથે એજ પ્રણાલીથી શિક્ષણ લેવાનો આરંભ કરે છે, તેં ઘણીવાર જોયું હશે કે બાળકો સ્વાભાવિકપણે

આપણું અનુકરણ કરવા લાગી જાય છે. તેઓ આપ-
ણા વ્યવહારો જોઈ બનતાં સુધી તેજ પ્રમાણે વર્તવા
પ્રયત્ન કરે છે. બાળકોનું મન જે દિશામાં વાળવા
ધારીએ તે દિશામાં વળી શકે એવું કોમળ હોય
છે, તેમના મનમાં જે નિશ્ચય ઠસી જાય છે તે
કાળાંતરે પણ નાશ પામતો નથી.

પરિવારમાં રહીને બાળક, માતાના અનુકરણ
ઉપરાંત પિતા તથા ભાઇ–બ્હેનોનું અનુકરણ કરવાને
પણ લલચાય છે. પરંતુ માતાના વ્યવહાર અને દોષ
ગુણની જેવી છાપ તેના અંતરાત્મા ઉપર પડે છે
તેવી છાપ અન્ય કોઇની પડતી નથી. વિદ્વાનો તથા
વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ આ વાત કબુલ કરે છે. એમ
કહેવાય છે કે એક કારખાનાનો માલીક પોતાના કા-
રખાનામાં બાળક તથા બાળિકાઓને નોકરી ઉપર
લગાડતાં પહેલાં તેમની માતાઓના વર્ત્તન તથા
ચારિત્રની તપાસ કરતો અને જો તેને એમ જણાય કે
અમુક ઉમેદવારની માતા બહુ ઉદ્યોગી અને સાહ-
સિક છે તો સૌ પ્રથમ તે માતાના બાળકને કારખા-
નામાં નોકરી આપતો.

મેં અત્યારસુધીમાં જે જે મહાન્ પુરૂષોના જી-
વનચરિત્રો વાંચ્યા છે તેમાં મ્હોટે ભાગે મને માતા-
ઓનો જ મુખ્ય પ્રતાપ અનુભવાયો છે. મહાપુરૂષો
પોતે પણ ઘણીવાર એ વાત નિરભિમાનપણે કબુલ

કરે છે. મહાવીર નેપોલીયન ઘણી વાર કહેતો કે સંતાનનાં ભાવી સુખ-દુઃખ તથા ઉન્નતિ-અવનતિનો સઘળો આધાર કેવળ માતાના ગુણ-દોષ ઉપર જ રહેલો છે. માતાના શિક્ષણના પ્રતાપે જ હું આટલું જ્ઞાન તથા ઉન્નતિ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થઇ શકયો છું." અમેરિકાનો એક સમર્થ રાજદ્વારી પુરૂષ કહેતો કે-"જો મારી માતાએ મને મારી બાલ્યાવસ્થામાં આકાશ ભણી આંગણી કરી એમ કહ્યા કર્યું ન હોત કે-'બેટા! આપણો સહુનો પરમ કૃપાળુ અને દયાળુ પિતા તો ત્યાં-સ્વર્ગમાં છે.' તો હું ખરેખર એક મ્હોટો નાસ્તિક જ બન્યો હોત." માતાની વાત ઉપર બાળક વિશ્વાસ મૂકયા વિના રહી શકતું નથી. આપણને નાનપણમાં કેટલી કેટલી જાતની ભૂત-પ્રેતની વાર્ત્તાઓ આપણી માતાઓ તરફથી કહેવામાં આવતી ? આપણે અત્યારે આ નવયુગમાં પણ એ વાર્ત્તાઓ ભૂલી શકયા નથી, જાણવા છતાં પણ એ વાર્ત્તાની અસરથી મુક્ત રહી શકયા નથી. આજ પ્રમાણે બીજી બધી બાબતોમાં સમજી લેવાનું છે.

ઉપદેશ કરતાં પિતા-માતાનો વ્યવહાર બાળકનો સ્વભાવ ઘડવામાં વધારે ઉપયોગી થાય છે એમ હું પૂર્વે કહી ગઇ છું. એટલા માટે બાળકોની હાજરીમાં આંપણાથી કોઇપણ પ્રકારનું કુવાકય કે કુકાર્ય

ન થઈ જાય એની ખાસ સાવચેતી રાખવાની છે. બાળકોના દેખતાં જો આપણે કોઈને છેતરવાનો કે અન્યાય આપવાનો પ્રયત્ન કરીએ તો તે વ્યવહાર બાળકના કોમળ હૃદય ઉપર એવી ઉંડી અસર કરી જાય કે પછી સેંકડો ઉપદેશો અને અસંખ્ય આજ્ઞાઓ કરવા છતાં પણ તે અસર ન ભુંસાય. બાળકનું હૃદય લગભગ સ્વચ્છ અરીસાના જેવુંજ હોય છે. તેમાં આપણો પ્રત્યેક વ્યવહાર પ્રતિબિંબિત થયા વિના રહેતો નથી. આપણે જો આપણા સંતાનોને ક્ષમાશીલ, નિરભિમાની, ઉદ્યોગી તથા સરલ બનાવવા માંગતા હોઇએ તો સૌ પ્રથમ આપણેજ ક્રોધ, અહંકાર, આળસ કે દંભ કરવાનું માંડી વાળવું જોઈએ.

બાળકોને રોજ નવા નવા વિષયો જાણવાની બહુ ઇચ્છાઓ થયા કરે છે અને તે સ્વાભાવિક છે. તે કોઇ એક નવી વાત સાંભળીને અથવા જોઇને ઉપરાઉપરી પ્રશ્નો કરવા લાગી જાય છે. માતાએ આ સઘળા પ્રશ્નોના શાંત ચિત્તે જવાબો આપવા જોઇએ. આમ થવાથી બાળકની જીજ્ઞાસાવૃત્તિને પોષણ મળે છે અને તેથી તે નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરવા ઉત્સાહિત થાય છે. એથી ઉલટું જો બાળકના પ્રશ્નોના યથાયોગ્ય ઉત્તરો આપવાની દરકાર રાખવામાં ન આવે તો તેની જીજ્ઞાસાવૃત્તિ ઉગતામાંજ દબાઈ જાય છે અને પરિણામે તેની બુદ્ધિશક્તિ બ્હેર મારી જાય છે,

એટલા માટે બાળક જ્યારે કોઇપણ વિષય સંબંધે પ્રશ્ન કરે ત્યારે યથાશક્તિ તેનો યોગ્ય ઉત્તર વાળવાનો આપણે પ્રયત્ન કરવો જોઇએ. બાળોચિત પ્રશ્નોનો અભ્યાસ કરી તેના ઉત્તરો તૈયાર રાખવા એ પણ માતાઓના અનેક કર્ત્તવ્યોમાંનું એક છે.

કિપલીંગ નામનો વિદ્વાન્ કહે છે કે–" શું ? શામાટે ? કયારે ? કેવી રીતે ? કયાં ? અને કોણ ? એ નામના છ સન્મિત્રોની મદદથીજ હું યત્કિંચિત્ જ્ઞાન પ્રાપ્ત કરવા ફત્તેહમંદ થઇ શકયો છું." મતલબ એ છે કે જાણવાની ઇચ્છા હોવી એ જ્ઞાનપ્રાપ્તિમાં મુખ્ય સાધનરૂપ છે, એટલા માટે બાળકોની જીજ્ઞાસાવૃત્તિ અકાળે દબાઈ ન જતાં સવિશેષ જાગૃત અને વિકસિત બને એવોજ આપણે પ્રયત્ન કરવો જોઇએ.

બ્હેન ! ભણુવા–ગણુવાની ખાતર બાળકોને ધમકાવવા એથી પણ હું વિરૂદ્ધ છું. પાંચ વર્ષની ઉમ્મર થતાં સુધી બાળકોને આપણે પ્રેમથી–સ્નેહથી–ભાવથી ગૃહેજ કેળવવાં જોઈએ. ઇંગ્લાંડની માફક આપણા દેશમાં હજી ન્હાનાં બાળકો માટે યોગ્ય વિદ્યાલયો ખોલવામાં આવ્યાં નથી એટલે એ કામ તો આપણે પોતેજ સંભાળી લેવું જોઇએ. નિશાળની હાલની પદ્ધત્તિ કેટલીકવાર બાળકોને એવા તો નિરૂત્સાહ અને નિર્બળ બનાવી દે છે કે શિક્ષકોની કઠોર સજાઓ અને વાકયો તેઓ મ્હોટી ઉમરે પણ

ભુલી શકતા નથી. એક માતા વાર્તા કે વાતચીતના રૂપમાં જે વિષય પોતાના બાળકને શિખવી શકે છે તે વિષય નેતરની સોટી કે નેત્રના લાલ ખુણાથી પણ નિશાળમાં બરાબર શીખવી શકાતો નથી. પાંચ વર્ષ સુધી તો બાળકે માતાનીજ સીધી દેખરેખ નીચે રહેવું જોઇએ એવો અનેક અનુભવીઓનો અભિપ્રાય છે.

એકથી અધિક સંતાનોની માતાને માટે "સમાનભાવ" કિંવા સામ્યનીતિની ઘણી જરૂર છે. માતા જો પોતાના સંતાનોની અંદર પક્ષપાતપણું બતાવવા લાગે તો તેની અસર બાળકો ઉપર પણ થાય અને તેઓ પરસ્પર ઈર્ષા તથા દ્વેષભાવ ધારણ કરી કલેશ-કંકાસ કરવા લાગી જાય. માતાએ તો એકસરખી દ્રષ્ટિથી પોતાના સઘળા સંતાનો ઉપર વાત્સલ્યભાવની વૃષ્ટિ કર જોઇવીએ. મેં ઘણીવાર જોયું છે કે પુત્રી કરતાં પુત્ર તરફ માતા કઈંક વિશેષ સ્નેહભાવ ધરાવતી હોય છે, પણ મારા વિચાર પ્રમાણે તે ઠીક ન ગણાય. આપણો બહારથી ક્ષુદ્ર જણાતો પક્ષપાત વખત જતાં આપણા સંતાનોનું મહાન્ અનિષ્ટ કરે છે.

બાળક જ્યારે રડવા લાગે છે અને કહ્યું સાંભળતો નથી ત્યારે અજ્ઞાન માતાઓ વાઘ-સિંહ કે ભૂત-પિશાચના ભયો દેખાડી તેને શાંત કરવાનો પ્રયત્ન કરે છે, પરંતુ એવા ભયથી બાળકના શરીર-મન ઉપર કેવી ખરાબ અસર થાય તેનો તેઓ

પુરો ખ્યાલ કરતી નથી. નિરર્થક ભયપ્રદર્શનથી બાળકનું મન સંકુચિત, નિર્બળ અને સાહસરહિત બની જાય છે. પછી તો તે સહેજ અંધકારમાં જતાં કે મ્હોટો અવાજ સાંભળતાં પણ થરથરી ઉઠે છે. રાત્રે ઘણા બાળકો પુરી નિદ્રા લઈ શકતા નથી અને ભયંકર સ્વપ્ન જોઇ ત્રાસી ઉઠે છે. તેનું કારણ પણ પ્રાય: આ મિથ્યા ભયપ્રદર્શન જ હોય છે. આપણા સંતાનોની તેમજ આપણી પોતાની વર્ત્તમાન ભીરૂતાનું મૂળ પણ મારા ધારવા પ્રમાણે આજ છે. ભયથી બાળક રોતું છાનું રહી જાય એ વાત અલબત્ત સત્ય છે પરંતુ તેજ વખતે ભયને લીધે તેનું હૃદય કેવું ત્રાસી ઉઠતું હશે તેનો આપણે આપણા પોતાના અનુભવ ઉપરથી જ ખ્યાલ કરી લેવો જોઈએ. મિથ્યા ભય બતાવવો એ જેમ અનુચિત છે તેમ મિથ્યા આશાઓ આપી નિરંતર છેતરપીંડી ચાલુ રાખવી એ પણ સર્વથા અનુચિત છે. માતા જો ધારે તો આકાશમાંથી સૂર્ય અથવા ચંદ્ર પણ ઉતારી શકે એવો બાળકના સરળ હૃદયમાં દ્રઢ વિશ્વાસ હોય છે. માતા જે કંઇ કહેશે તે અવશ્ય ફળીભૂત થશે એમ તે શ્રદ્ધાથી માનતો હોય છે, પરંતુ વખત જતાં માતાએ આપેલી આશાઓ જ્યારે તેને બનાવટી અને મિથ્યા જણાવા લાગે ત્યારે તે માતાના શબ્દો ઉપર વિશ્વાસ મુકવાનું માંડી વાળે છે, એટલુંજ નહીં પણ સંસારમાં આવીજ બનાવટી—અસત્ય વાતોથી

ચાલતું હશે એમ માની લેવાને પ્રેરાય છે. મિથ્યા આશાઓ અને લાલચો આપી બાળકને શાંત કે તુષ્ટ કરવાની પ્રથા સુશીક્ષિત માતાઓ પસંદ કરતી નથી. બાળકના દુરાગ્રહ પાસે પરાજીત થઇ અથવા કંટાળી જઇ તેની સ્વચ્છંદતાને પોષતા પહેલાં પણ માતાઓએ પરિણામનો વિચાર કરવો જોઇએ.

બાળક–બાળિકાઓને માતાઓએ કેવી પદ્ધત્તિથી શિક્ષણ આપવું જોઇએ એ વિષય બહુ અગત્યનો છે. પણ તેની ચર્ચા આ ન્હાના પત્રમાં વિસ્તારથી ન થઇ શકે. તેને માટે તારે કેટલાક ઉપયોગી ગ્રંથોનું વાંચન રાખવું જોઇએ. કુવામાં હોય તોજ અવાડામાં આવે, તેમ આપણી પાસે પુરતું જ્ઞાન રૂપી પાણી ન હોય તો આપણે સંતાનોની પિપાસા શાંત ન કરી શકીએ. બાળકોના કલ્યાણની ખાતર પણ આપણે કેટલોક અભ્યાસ કરવો જોઈએ. તેમનું કુદરતી વલણ વિદ્યાની કઇ વિશેષ શાખા તરફ છે તે શોધી કહાડવું જોઇએ. કેટલાક બાળકો સ્વભાવથીજ શિલ્પ ઈતિહાસ, ગણિત, તથા એવી કોઈ એક ખાસ શાખા તરફ અધિક પક્ષપાત ધરાવતા હોય છે. તેમને તે શાખામાં કેળવવાનું અને તત્સંબંધી વ્યવસ્થાઓ કરી આપવાનું આપણે લક્ષમાં રાખવાનું હોય છે. તું સમજી શકશે કે જો ગ્લેડસ્ટન જેવા એક અગાધ બુદ્ધિવાળા પુરૂષને તેના માતપિતાએ કોઇ કારખાનામાં કે વેપા-

રીની પેઢીમાં નોકરી કરવા મુકયો હોત તો ત્યાં તેનું રાજદ્વારીપણું શું કામમાં આવત ? તેવીજ રીતે ક્લાઇવ જેવાને જો લશ્કરી ખાતામાં નહીં મુકતાં કોઇ ઓફીસમાં ગુમાસ્તા તરીકે રાખવામાં આવ્યો હોત તો શું તે બિચારો પોતાની સ્વાભાવિક શક્તિઓને વિકસાવી શકત ? મારી કહેવાની મતલબ એટલી જ છે કે આપણે સંતાનોનું કુદરતી વલણ બારીકાઇથી તપાસવું જોઇએ, અને તેને લગતું પ્રાથમિક શિક્ષણ ગૃહમાં જ મળે એવી વ્યવસ્થા કરવી જોઇએ.

બાળકને શિક્ષણ આપવાની અનેક પદ્ધત્તિઓ પ્રચલિત છે. પરંતુ તેમાં પ્રશ્નોત્તર રૂપે બાળકની જીજ્ઞાસા તૃપ્ત કરવાની પદ્ધત્તિ સર્વોત્કૃષ્ટ ગણાય છે. આ પદ્ધત્તિથી ગમ્મત સાથે જ્ઞાન આપી શકાય છે. વળી તેમાં શિક્ષક કે શિષ્ય બેમાંથી એકેને કંટાળો આવતો નથી. અમુક વસ્તુ રજુ કરી તેના જેવી બીજી વસ્તુઓ સાથે રૂપ-રંગ-ગુણ આદિનો મુકાબલો કરી બતાવવાથી, વસ્તુનું જ્ઞાન બાળકના હૃદયમાં દૃઢપણે ઠસી જાય છે. બનતાં સુધી બાળકોને તો પ્રત્યક્ષ થતા પદાર્થો વિષે જ સમજુતી આપવાનો ક્રમ રાખવો. આપણે બહાર ફરવા જઇએ અને બાળક જીજ્ઞાસાવૃત્તિથી માર્ગમાં પ્રશ્નો પૂછે તો તે જીજ્ઞાસાને દાબી નહીં દેતાં તેને યોગ્ય શિક્ષણ આપવાની તક આપણે લેવી જોઇએ. શિક્ષણ આપવાનો આ પ્રસંગ સર્વથી

અધિક આવકારદાયક મનાય છે. કારણ કે આ વખતે બાળકનું મન સ્વાભાવિક રીતે જ એવું આતૂર અને પ્રફુલ્લિત થયું હોય છે કે તે વખતે આપણું સહેજ શિક્ષણ તેના અંતરમાં આરપાર ઉતરી જાય છે. જોન સ્ટુઅર્ટ મીલ નામનો એક મહા પંડિત પુરૂષ ઇંગ્લાંડમાં થઈ ગયો છે, તેને તેના પિતા તરફથી આવી રીતે જ શીક્ષણ મળ્યું હતું. તે ઉપરાંત ગૃહમાં એવાં પવિત્ર ચિત્રો અને મુદ્રાલેખો રહેવાં જોઈએ કે જે ચિત્રો તેમજ લખાણો નિરંતર બાળકના મન ઉપર અજાણી અસર કર્યા કરે. આપણે પોતે પણ આપણા વહેવારોમાં એવા તો નિયમિત, વ્યવસ્થિત, સ્વચ્છ અને નીતિપરાયણ રહેવું જોઈએ કે જેથી આપણા ગૃહનું વાતાવરણ જ બાળકને નિયમિત અને નીતિ-પરાયણ થવાની અહોનિશ પ્રેરણા કર્યા કરે. સીધી રીતે ઉપદેશ આપવા કરતાં ગૃહના વાતાવરણની મ-નુષ્યના મન ઉપર ઉંડી અસર થાય છે. આપણે જો જ્ઞાનની રૂચીવાળાં હોઈએ, આપણે જો સત્ય અને નીતિના વિષયમાં દૃઢ હોઈએ તો આપણાં બાળકો પણ જ્ઞાનરૂચીવાળા અને સત્યનિષ્ઠ બને એમાં કાંઈ જ આશ્ચર્ય નથી. આપણે સંસારના પામર-ક્ષુદ્ર જીવો જેવું જીવન ગાળવું અને આપણાં બાળકોને પરમ વિદ્વાન તથા ધાર્મિક બનાવવાની આશા રાખવી એ તો હાથે કરીને નિરાશાને આમંત્રણ આપવા જેવું

છે. એક વિદ્વાન કહે છે કે મનુષ્ય તૈયાર કરતાં પહેલાં આપણે પોતે મનુષ્ય બનવું જોઇએ. અર્થાત્ આપણા આચારો-વ્યવહારો અને સંયોગો જો પશુ જીવનને મળતા હોય તો પછી આપણે ત્યાં દેવાંશી મનુષ્યો ઉત્પન્ન થાય એવી આશા જ કેમ રાખી શકીએ? શિક્ષણ કરતાં ચારિત્ર અનંતગણું વધારે મૂલ્યવાન છે. શિક્ષણ તો હજીએ શાળામાં મળી શકે. પરંતુ ચારિત્ર પ્રાપ્ત કરવાનું સ્થાન તો ગૃહ સિવાય અન્ય ન જ હોઈ શકે. આજે આપણામાં એવી ફરીયાદો થાય છે કે બાળકોને પુરતું ધર્મ અને ચારિત્રનું શિક્ષણ મળતું નથી, તેથી બાળકોનાં જીવન સુધરતા નથી. આપણે શાળાના શિક્ષકો પાસેથી ચારિત્રની કે ધર્મ-સંસ્કારોની આશા ન રાખી શકીએ. શિક્ષક ઉપર અલબત્ત ચારિત્ર વિષયક જવાબદારી રહેલી છે, પરંતુ તે સુયોગ્ય માતાઓના અભાવે જ તેમને વ્હોરી લેવી પડી છે એમ મને કહ્યા વિના નથી ચાલતું. ખરૂં કહું તો બાળકના ચારિત્ર અને શિક્ષણની ઘણીખરી જવાબદારી આપણા ઉપર-માતાઓ ઉપર જ છે.

સ્ત્રીઓનો સાથી.

(સુવાવડ સંબંધી અતિ ઉપયોગી ગ્રંથ.)

આ પુસ્તક મૂળ એક પ્રસિદ્ધ બંગાળી વિદ્વાન્ ડૉક્ટરની લેખિનીથી લખાએલું છે, બંગાળીમાં તેની ઉપરા ઉપરી આવૃત્તિઓ નીકળ્યા કરે છે. અને તેનું કારણ પણ સ્પષ્ટ જ છે. ગ્રંથમાં પ્રસૂતી (સુવાવડ) ના સંબંધમાં એવા ઘરગતુ ઉપાયો દર્શાવવામાં આવ્યા છે કે જો આ પુસ્તકના વિષયનું આપણી બ્હેનો મનન કરે તો બાળમૃત્યુની સંખ્યા ઘટવાની સાથે સ્ત્રીઓના આરોગ્ય પણ ઘણી સહેલાઇથી સચવાઇ શકે.

આ પુસ્તક લખી મૂળ ગ્રંથકારે હિંદના સાહિત્ય ઉપર, વિશેષે કરીને સ્ત્રીવર્ગ ઉપર, બહુ ભારે ઉપકાર કર્યો છે, એમ વિદ્વાનો એકી અવાજે કબુલે છે.

આવા એક ગ્રંથરત્નનો લાભ લેવો કે નહીં તેનો આધાર આપણા ભાઇઓ અને બ્હેનો ઉપર છે.

ગ્રંથની માત્ર ગણી-ગાંઠી નકલોજ સીલકમાં છે. <u>દરેક પતિએ પોતાની પત્નીને આ પુસ્તક વાંચવાની અથવા વાંચી બતાવવાની તક લેવી જોઇએ.</u> કીંમત રૂા. ૧-૦-૦

લખોઃ—

શ્રીસુખ દર્પણ-શ્રાવિકા ઓફીસ.

ભાવનગર